અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ નવેમ્બર ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૨, કારતક સુદ ૧૦ | અંક : ૧૨૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની કેવડિયામાં ભવ્ય ઉજવણી

# દેશની એકતાને કમજોર કરનારી વાતોથી દુર રહો : નરેન્દ્ર મોદી

## આજે, ઘુસણખોરો રાષ્ટ્રની એકતા અને આંતરિક સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ ખતરો છે : વિદેશી ઘુસણખોરો દાયકાઓથી દેશમાં ઘૂસી રહ્યા છે : વડાપ્રધાન

**। (એજન્સી) કેવડિયા, તા.૩૧ ।**

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની કેવડિયામાં ભવ્ય ઉજવણી કરવામાં આવી. પ્રધાનમંત્રી મોદીએ સરદાર પટેલને નમન કર્યા, અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પીએમ મોદીએ પરેડને સલામી આપી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયેલી એકતા પરેડમાં રાષ્ટ્રીય એકતાના દર્શન થયા હતા. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ સંબોધન કરતા સરદાર પટેલને યાદ કર્યા હતા. સાથે જ પીએમ મોદીએ કોંગ્રેસ સામે આકરા પ્રહાર કર્યા હતા. રાષ્ટ્રીય એકતા દિવસ પરેડમાં સલામી લીધા પછી, પ્રધાનમંત્રીએ સરદાર પટેલની રાષ્ટ્ર પ્રત્યેની સેવાનો ઉલ્લેખ કર્યો અને કોંગ્રેસ પાર્ટી પર અનેક તીખા પ્રહારો કર્યા. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલને તેમની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી. તેમણે કોંગ્રેસ પાર્ટી પર રાજકીય અસ્પૃશ્યતાનો આરોપ લગાવ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધ્યું. તેમણે શુક્રવારે (૩૧ ઓક્ટોબર) કહ્યું કે કોંગ્રેસ પાર્ટીની ભૂલને કારણે જમ્મુ અને કાશ્મીરનો એક ભાગ પાકિસ્તાનમાં ગયો. સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપતા તેમણે કહ્યું કે તેઓ માનતા હતા કે ઈતિહાસ લખવામાં સમય બગાડવો જોઈએ નહીં; તેના બદલે, આપણે ઈતિહાસ બનાવવા માટે સખત મહેનત કરવી જોઈએ. પીએમ મોદીએ કહ્યું, "કાશ્મીરે કલમ ૩૭૦ ના બંધનો તોડી નાખ્યા છે અને મુખ્ય પ્રવાહમાં જોડાઈ ગયું છે. ઓપરેશન સિંદૂરમાં, આખી દુનિયાએ જોયું છે કે જો કોઈ આજે ભારત પર આંખ ઉંચી કરવાની હિંમત કરશે, તો ભારત તેમના પર હુમલો કરશે. ભારતનો જવાબ હંમેશા પહેલા કરતા મોટો અને વધુ નિર્ણાયક હોય છે. આ ભારતના દુશ્મનો માટે સંદેશ છે." પીએમ મોદીએ કહ્યું, "સરદાર સાહેબે રાષ્ટ્રની સાર્વભૌમત્વને બીજા બધા કરતા ઉપર રાખ્યું. કમનસીબે, સરદાર સાહેબના મૃત્યુ પછીના વર્ષોમાં, તે સમયની સરકારોમાં રાષ્ટ્રની સાર્વભૌમત્વ પ્રત્યે એટલી જ ગંભીરતાનો અભાવ હતો. એક તરફ, કાશ્મીરમાં થયેલી ભૂલો, બીજી તરફ, ઉત્તરપૂર્વમાં ઉભી થયેલી સમસ્યાઓ અને દેશભરમાં ખીલેલો નક્સલવાદી-માઓવાદી આતંકવાદ, રાષ્ટ્રની સાર્વભૌમત્વ માટે સીધા પડકારો હતા. પરંતુ સરદાર સાહેબની નીતિઓનું પાલન કરવાને બદલે, તે સમયની સરકારોએ કરોડરજ્જુ વિનાનો અભિગમ પસંદ કર્યો. દેશે હિંસા અને રક્તપાતના સ્વરૂપમાં તેના પરિણામો ભોગવ્યા."

### પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ફરી સીઝફાયરની જાહેરાત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

છેલ્લા ઘણા સમયથી અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના નેતાઓ એક બીજાને યુદ્ધની ધમકી આપી રહ્યા હતા. શરૂઆતમાં સૈન્ય સંઘર્ષ બાદ બંને દેશો વચ્ચે તુર્કીયેમાં સમાધાન મુદ્દે એક બાદ એક બેઠકો યોજાઈ. જે બાદ આખે બંને દેશો સંઘર્ષવિરામ માટે રાજી થયા છે. નોંધનીય છે કે તાલિબાન દ્વારા જડબાતોડ જવાબના કારણે પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકાર બેકફૂટ પર આવી ગઈ હતી. બંને દેશો વચ્ચે સમાધાન કરાવવા માટે તુર્કીયેએ મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવી. તુર્કીયેના વિદેશ મંત્રાલય દ્વારા નિવેદન જાહેર કરવામાં આવ્યું છે, કે દોહામાં યોજાયેલી બેઠક બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સમાધાન થયું છે. હવે આગામી ૨૫થી ૩૦ ઓક્ટોબર સુધી ફરી બેઠકો યોજાશે. નોંધનીય છે કે કાબુલમાં બ્લાસ્ટ બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો હતો. તાલિબાને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો અને સરહદ પર હુમલો કર્યો.

### બ્રિટનના રાજાએ પોતાના ભાઈને મહેલ છોડવા આપ્યા આદેશ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

બ્રિટનના કિંગ ચાર્લ્સે પોતાના નાના ભાઈ એન્ડ્ર્યૂ પાસેથી તેમની તમામ ઉપાધિ અને સન્માન પરત લેવાનો નિર્ણય કર્યો છે. એન્ડ્ર્યૂને ઘરેથી કાઢી મૂકવાનો પણ નિર્ણય પણ લેવામાં આવ્યો છે. બકિંઘમ પેલેસે ગુરૂવારે (૩૦ ઓક્ટોબર) જણાવ્યું કે, સ્વર્ગસ્થ યૌન અપરાધી જેફરી એપસ્ટીન સાથે એન્ડ્ર્યૂના સંબંધોના કારણે આ પગલું ભરવામાં આવ્યું છે. એન્ડ્ર્યૂને હવે રૉયલ લૉજ નામનું પોતાનું આવાસ છોડવા માટે નોટિસ આપવામાં આવી છે. તેથી તે હવે વૈકલ્પિક ખાનગી આવાસમાં જતા રહેશે. ચાર્લ્સના નાના ભાઈ અને સ્વર્ગસ્થ મહારાણી એલિઝાબેથના બીજા પુત્ર, ૬૫ વર્ષીય એન્ડ્ર્યૂ પર તાજેતરના વર્ષોમાં તેમના વર્તન અને એપ્સ્ટીન સાથેના સંબંધોને કારણે દબાણ વધી રહ્યું છે. આ મહિનાની શરૂઆતમાં તેમણે ડ્યૂક ઑફ યૉર્કની પોતાની ઉપાધિનો ઉપયોગ બંધ કરવાની ફરજ પડી હતી. બકિંઘમ પેલેસના નિવેદનમાં કહેવામાં આવ્યું કે, એન્ડ્ર્યૂને લંડનના પશ્ચિમમાં વિંડસર એસ્ટેટ સ્થિત પોતાના રૉયલ લૉજ હવેલી છોડી દેવાની સત્તાવાર સૂચના આપવામાં આવી છે અને તેઓ પૂર્વી ઈંગ્લેન્ડમાં સેન્ડ્રિંઘમ એસ્ટેટ પર વૈકલ્પિક ખાનગી આવાસમાં જતા રહેશે. એન્ડ્ર્યૂ એક સમયે એક હિંમતવાન નૌકાદળ અધિકારી માનવામાં આવતા હતા અને ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં આર્જેન્ટિના સાથેના ફોકલેન્ડ યુદ્ધ દરમિયાન તેમણે લશ્કરમાં સેવા આપી હતી. પરંતુ ૨૦૧૧માં તેમને બ્રિટનના વેપાર રાજદૂત તરીકેની ભૂમિકા છોડી દેવાની ફરજ પડી હતી, પછી ૨૦૧૯ માં તેમણે તમામ શાહી ફરજો છોડી દીધી હતી અને પછી ૨૦૨૨માં જાતીય ગેરવર્તણૂકના આરોપો વચ્ચે તેમના લશ્કરી જોડાણો અને શાહી સમર્થન છીનવી લેવામાં આવ્યું હતું, જેનો તેમણે હંમેશા ઈનકાર કર્યો છે.સર્વેક્ષણો દર્શાવે છે કે, રાજવી પરિવાર વર્ષોથી યુવા પેઢીઓનો ટેકો ગુમાવતું રહ્યું છે. ચાર્લ્સે ૪૩ વર્ષીય વિલિયમના ટેકાથી રાજવી પરિવારનું રક્ષણ કરવાનું કામ કર્યું છે, જેને નિષ્ણાતો કોઈપણ રાજા માટે પ્રાથમિકતા માને છે.

### રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ભાગરૂપે પરેડનું આયોજન

## વડાપ્રધાને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના ચરણ પર પુષ્પાંજલી અર્પણ કરી

**। (એજન્સી) કેવડિયા, તા.૩૧ ।**

આજે ગુજરાતમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી થઈ રહી છે. સરદાર વલ્લભભાઈ પ ટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીએ હાજરી આપી. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના ચરણ પર પુષ્પાંજલી અર્પણ કરી. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ભાગરૂપે પરેડનું આયોજન કરાયું હતું.

આજે ૩૧ ઑક્ટોબર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી થઈ રહી છે. જન્મજયંતી નિમિત્તે ગુજરાતમાં એકતાનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાજરી ખાસ બની હતી. પ્રધાનમંત્રીનો ગુજરાતમાં એકતાનગર ખાતે પ્રવાસનો બીજો દિવસ છે. પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીનું આયોજન કરાયું હતું. ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં યોજાય તેવી પરેડનું કેવડિયા ખાતે નીકળી. આ પ્રસંગે ૧૦ હજાર જેટલા લોકો પરેડ નિહાળી શકે તેવું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગણતંત્ર દિવસની તર્જ પર રાષ્ટ્રીય એકતા પરેડ યોજાઈ છે, જેમાં BSF, CRPF, CISF સહિત કેન્દ્રીય સશસ્ત્ર દળોની પાંચ અને વિવિધ રાજ્યોના પોલીસ દળોની કુલ ૧૬ માર્ચિંગ ટુકડીઓએ પોતાના શૌર્યનું પ્રદર્શન કર્યું. આ વિરાટ આયોજન દેશની એકતા, અખંડિતતા અને સૈન્ય શક્તિને પ્રદર્શિત કરતું એક પ્રેરણાદાયી પ ર્વ બની રહી છે. રાષ્ટ્રીય એકતા પરેડમાં BSF, CRPF, CISF, ITBP અને SSB સહિત કેન્દ્રીય સશસ્ત્ર દળોની પાંચ અને અન્ય રાજ્યોના પોલીસ દળોની ટુકડીઓ મળીને કુલ ૧૬ માર્ચિંગ ટુકડીઓએ ભાગ લીધો, જે રાષ્ટ્રીય સુરક્ષાનો સંદેશ આપશે. આ આયોજનનું મુખ્ય આકર્ષણ ભારતીય વાયુસેનાની સૂર્ય કિરણ ટીમનો એર શો અને દેશના વિવિધ રાજ્યોની સંસ્કૃતિ દર્શાવતી સુંદર ઝાંખીઓ રહી હતી. આ વીરતાપૂર્ણ પરેડ જોવા માટે લગભગ ૧૨,૦૦૦ જેટલા દર્શકોની વ્યવસ્થા કરવામાં આવી હતી. દેશના વિવિધ ભાગોમાંથી આવેલા પ્રવાસીઓ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા છે.








દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે નોઇડામાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવાતા 'રન ફોર યુનિટી' કાર્યક્રમ દરમિયાન કવિ કુમાર વિશ્વાસ, ક્રિકેટર ભુવનેશ્વર કુમાર અને અન્ય લોકો શપથ લે છે.

## વર્તમાન અને પૂર્વ પ્રમુખની સામે આવી આંતરિક જૂથબંધી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

ગુજરાત કોંગ્રેસમાં ફરી એકવાર આંતરિક જૂથબંધી સપાટી પર આવી છે. ગુજરાત કોંગ્રેસમાં બનેલી આ ઘટનાને કારણે રાજનીતિમાં ગરમાવો આવી ગયો છે.

એક બાજુ ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોંગ્રેસ ડૂબી રહી છે, ત્યારે પ્રદેશ કોંગ્રેસના વર્તમાન પ્રમુખ અમિત ચાવડા અને પૂર્વ પ્રમુખ તથા સાંસદ શક્તિસિંહ ગોહિલ દ્વારા અલગ-અલગ તારીખે સ્નેહ મિલન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતા અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. આ બંને નેતાઓએ કોંગ્રેસ કાર્યાલય ખાતે જ જુદા-જુદા કાર્યક્રમો યોજતા, પક્ષ ફરીથી બે જૂથમાં વહેંચાયેલો જોવા મળ્યો હોય એવું લાગી રહ્યું છે.

વર્તમાન પ્રમુખ અમિત ચાવડાએ શનિવારે, ૨૫મી તારીખના રોજ કોંગ્રેસ કાર્યાલય ખાતે પોતાના સમર્થકો સાથે સ્નેહ મિલનનું આયોજન કર્યું હતું. જ્યારે પૂર્વ પ્રમુખ અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે ત્યારબાદ ૨૯મી તારીખે કોંગ્રેસ કાર્યાલયમાં જ પોતાના સમર્થકો માટે સ્નેહ મિલન યોજ્યું હતું.

બંને નેતાઓએ યોજેલા આ અલગ-અલગ કાર્યક્રમોમાં પોતપોતાના સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઘટના પરથી સ્પષ્ટ સંકેત મળે છે કે, ગુજરાત કોંગ્રેસમાં સંગઠન સ્તરે હજુ પણ જૂથવાદ યથાવત છે અને પક્ષમાં સંપૂર્ણ એકતાનો અભાવ જોવા મળી રહ્યો છે. પ્રમુખપદે એક જ વ્યક્તિ હોવા છતાં, પક્ષના મુખ્ય કાર્યાલયમાં જ અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન થવું એ રાજ્યમાં વિપક્ષની સ્થિતિને વધુ નબળી પાડી શકે છે.

## વડોદરાના નિઝામપુરામાં મોબાઇલ ચોરીનો ભેદ ઉકેલાયો

। (એજન્સી) જુનાગઢ, તા.૩૧ ।

જુનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાને આંતરરાષ્ટ્રીય નંબર પરથી ધમકી આપીને ૩૦ લાખ રૂપિયાની ખંડણી માંગવાના ગંભીર કેસમાં પોલીસે મોટી સફળતા હાંસલ કરી છે. બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર હાલ આફ્રિકાના કોંગોમાં છુપાયેલો છે.પોલીસે અમદાવાદથી રોનક ઠાકોરને અને વેરાવળથી જ્હોન બલોચને ઝડપી પાડ્યા છે. તપાસમાં ખુલાસો થયો છે કે આ ષડયંત્રનો માસ્ટરમાઈન્ડ સમીર બલોચ છે, જે હાલ કોંગોમાં રહે છે. ત્રણેય આરોપીઓ એકબીજાના સંપર્કમાં હતા અને આ યોજના બનાવી હતી.

આરોપીઓએ ધારાસભ્યને સાધુના નામે ફોન કરીને આશ્રમ માટે દાનના બહાને પૈસા માંગ્યા હતા અને ન આપવાની ધમકી આપી હતી. આ રીતે તેમને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# સોમનાથથી નેપાળના પશુપતિનાથ સુધીની સફર દોડીને યુવકે પૂરી કરી

। (એજન્સી) સોમનાથ, તા.૩૧ ।

'સુપર ૩૦' ફિલ્મની પટકથા કરતાં ચઢીયાતી વાર્તાનું સર્જન ગુજરાતના યુવાન દોડવીર રૂપેશ મકવાણાએ કરી છે. જેના નામે વિશ્વ વિક્રમ સ્થાપિત થયો છે. ગુજરાતની ધરતીના સપૂત અને અલ્ટ્રા-રનર રૂપેશ મકવાણાએ ફરી એકવાર ભારતનું નામ રોશન કર્યું છે. તેમણે એક અસાધારણ અને પડકારજનક દોડ પૂરી કરીને નવો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

રૂપેશ મકવાણાએ ભગવાન શિવના બે પવિત્ર ધામો-ગુજરાતના સોમનાથ મંદિરથી લઈને નેપાળના પશુપતિનાથ મંદિર સુધીની સફર સતત દોડીને પૂરી કરી છે. આ દોડનું કુલ અંતર ૨૨૦૦ કિલોમીટર હતું. તેમણે આ વિશાળ અંતર માત્ર ૩૩ દિવસ, ૨ કલાક અને ૨૯ મિનિટમાં કાપીને એક નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે. આનો અર્થ એ થયો કે રૂપેશ મકવાણાએ દરરોજ સરેરાશ લગભગ ૬૬ કિલોમીટરનું અંતર દોડ્યું, જે કોઈ સામાન્ય માણસ માટે વિચારવું પણ અશક્ય છે.

રૂપેશના નામે વર્લ્ડ વાઈટ બૂક ઓફ રેકોર્ડ પણ નોંધાવ્યો છે. જેને આરામ કર્યા વિના સતત ૭૫ કલાક દોડીને ૩૭૫ કિલોમીટર પૂર્ણ કર્યું હતું. આ ઉપરાંત હાલમાં જ ગિનિસ બુક ઓફ રેકોર્ડમાં તેને દાવેદારી નોંધાવી છે. જેમાં ભારતનું સુવર્ણ ચતુર્ભુજ માર્ગ દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કલકત્તાનું ૬,૦૦૦ કિલોમીટર અંતર ૮૮ દિવસમાં કાપીને આ એક રેકોર્ડ માટે દાવેદારી નોંધાવી છે. જેમાં ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૩ થી દિલ્હીના ઈન્ડિયા ગેટથી શરૂઆત કરી હતી અને ૨૦ મેં ૨૦૨૩ સુધીમાં તેણે ૬૦૦૦ કિલોમીટર અંતર કાપીને દિલ્હીના ઈન્ડિયા ગેટ પરત ફર્યો હતો.

આ રૂપેશ મકવાણાનો પ્રથમ વર્લ્ડ રેકોર્ડ નથી. તેમની અદમ્ય ઈચ્છાશક્તિ અને સહનશક્તિનો આ જીવંત પુરાવો છે. મુશ્કેલ રસ્તાઓ મને સંતોષ આપે છે," તેમનું જીવન સૂત્ર હોય તેમ લાગે છે. આ પહેલા પણ રૂપેશ મકવાણાએ બે વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરીને અમદાવાદ અને સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. તેમની આ સિદ્ધિ લાખો યુવાનોને પોતાના સપના પૂરા કરવા માટે પ્રેરણા પૂરી પડે છે. રૂપેશના નામે વર્લ્ડ વાઈટ બૂક ઓફ રેકોર્ડ પણ નોંધાવ્યો છે. જેને આરામ કર્યા વિના સતત ૭૫ કલાક દોડીને ૩૭૫ કિલોમીટર પૂર્ણ કર્યું હતું. આ ઉપરાંત હાલમાં જ ગિનિસ બુક ઓફ રેકોર્ડમાં તેને દાવેદારી નોંધાવી છે. જેમાં ભારતનું સુવર્ણ ચતુર્ભુજ માર્ગ દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કલકત્તાનું ૬,૦૦૦ કિલોમીટર અંતર ૮૮ દિવસમાં કાપીને આ એક રેકોર્ડ માટે દાવેદારી નોંધાવી છે. જેમાં ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૩ થી દિલ્હીના ઈન્ડિયા ગેટથી શરૂઆત કરી હતી અને ૨૦ મેં ૨૦૨૩ સુધીમાં તેણે ૬૦૦૦ કિલોમીટર અંતર કાપીને દિલ્હીના ઈન્ડિયા ગેટ પરત ફર્યો હતો.

### કોંગ્રેસ નેતા પાલભાઈ આંબલિયાની પ્રતિક્રિયા

# સરકારના બતાવવાના અને ચાવવાના દાંત અલગ કેમ?

### સરકારનો મૌખિક આદેશ ૭ દિવસનો પરિપત્રમાં ૨૦ દિવસ એવું કેમ? સરકારે બે મોઢાની વાતો બંધ કરી દેવી જોઈએ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી દ્વારા ખેડૂતોને થયેલા વરસાદી નુકસાન અંગે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ બાદ વિપક્ષે આ મુદ્દે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના નેતા પાલભાઈ આંબલિયાએ સરકારની નીતિઓ પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, "સરકારના બતાવવાના અને ચાવવાના દાંત અલગ કેમ? પાલભાઈ આંબલિયાએ સરકાર પર બેવડાં ધોરણો અપનાવવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે સરકારે બે મોઢાની વાતો બંધ કરી દેવી જોઈએ.

ખેડૂતોના સર્વેની સમયમર્યાદા અંગે બોલતા પાલભાઈ આંબલિયાએ વિસંગતતા દર્શાવી હતી. તેમણે સવાલ કર્યો હતો કે, "સરકારનો મૌખિક આદેશ ૭ દિવસનો અને પરિપત્રમાં ૨૦ દિવસ એવું કેમ?" તેમણે તર્ક આપ્યો હતો કે જો સરકાર ૨૦ દિવસે સર્વે કરવા આવે તો ખેતરમાં બગડેલી ખેત પેદાશ હોય? આટલા સમયમાં પાકનો નાશ થઈ ગયો હોય અને નુકસાન દેખાય નહીં. આ ઉપરાંત તેમણે ઉમેર્યું હતું કે, સરકારના ધારાસભ્ય, સાંસદ, મંત્રી રૂબરૂ સર્વે કર્યું એ માન્ય ન રહે? ખેતીના નુકસાનના સર્વેની પદ્ધતિ પર પણ આંબલિયાએ વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, "જ્યાં ૧ ઈંચથી ૧૫ ઈંચ વરસાદ છે ત્યાં સર્વે કરવાની જરૂર જ ક્યાં છે?" વળી, જ્યાં વરસાદ સાર્વત્રિક હોય, એટલે કે દરેક જગ્યાએ પડ્યો હોય, ત્યાં વ્યક્તિગત સર્વે કરવાની જરૂર જ ક્યાં છે? ખેડૂતોને રાહત આપવા માટે સાર્વત્રિક ધોરણે નિર્ણય લેવો જોઈએ તેવો તેમનો મત હતો. મગફળીના નુકસાન અંગે બોલતા તેમણે સરકારના ઈરાદા પર સવાલ ઉઠાવ્યો હતો કે, "સર્વેમાં મગફળીમાં નુકશાની ન બતાય તેવી મગફળીને ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે?" તેમણે ગ્રામ સેવકોને આપેલા મૌખિક આદેશ પર ધ્યાન દોરતા કહ્યું હતું કે, "સરકારે ગ્રામ સેવકને મૌખિક આદેશ અલગ કર્યા છે. મૌખિક આદેશ મુજબ જો મગફળીના ડેડવા ફોલ્યા બાદ દાણા ડેમેજ હોય તો જ નુકશાની ગણવી." આ પ્રકારની કડક શરતો નુકસાનને ઓછું દર્શાવવા માટે હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. પાલભાઈ આંબલિયાએ અંતે સરકારને વિનંતી કરી હતી કે, "સરકાર સર્વેના નાટક બંધ કરી ખેડૂતોના દેવા માફ કરી દેવા જોઈએ." તેમણે દલીલ કરી હતી.

## માવઠાના કારણે ગિરનારની લીલી પરિક્રમા પર 'સંકટના વાદળ'

। જૂનાગઢ, તા.૩૧ ।

ગિરનારની લીલી પરિક્રમા કરવી કે નહીં તેને લઈને સરકાર અને તંત્ર મૂંઝવણમાં છે. હજુ બે દિવસ વરસાદની આગાહી છે એવામાં તંત્ર ગડમથલમાં મૂકાઈ ગયું છે. પરિક્રમા રૂટનો રસ્તો ધોવાઈ ગયો છે. એવામાં વરસાદ બંધ થાય પછી રિપેરિંગની કામગીરી શરૂ થશે. જૂનાગઢ જિલ્લા કલેક્ટરે લોકોને અપીલ કરી છે કે 31 ઓકટોબર સુધી કોઈ પરિક્રમા રૂટ પર આવે નહીં. કમોસમી વરસાદના કારણે ગુજરાતમાં અનેક પરંપરાઓ વેરવિખેર થઈ રહી છે. ગિરનારની લીલી પરિક્રમા રૂટ પર લાઈટ, પાણી અને આરોગ્ય સહિતની વ્યવસ્થા કરવાની હજુ બાકી છે ત્યાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. તંત્રએ નિર્દેશ આપ્યા છે કે વનવિભાગ, SP તથા કલેક્ટર જ્યાં સુધી કોઈ સત્તાવાર જાહેરાત ન કરે ત્યાં સુધી કોઈ પરિક્રમાર્થીએ આવવું નહીં. ભારે વરસાદ પડે તો શ્રદ્ધાળુઓની સુરક્ષાને લઈને પણ પ્રશ્ન ઊભો થાય. આ સિવાય તંત્રએ અન્નક્ષેત્રોને પણ 31 ઓક્ટોબર સીધી કોઈ પણ વાહનો ન લાવવા અપીલ કરી છે. કલેક્ટર, DSF અને SPએ જણાવ્યું હતું કે જો પરિક્રમા શરૂ કરવામાં આવે તો પણ વડીલો, બાળકો, બીમાર અને અશક્ત લોકો પરિક્રમામાં આવવાનું સ્વેચ્છાએ ટાળે તે હિતાવહ છે.


**વિશેષ** પોપ્યુલર બિલ્ડર રમણ પટેલ ચેખલાના જમીન કૌભાંડમાં દોષિતે જાહેર : ટૂંક સમયમાં સજાની પણ જાહેરાત કરાશે

# પોપ્યુલર બિલ્ડર રમણ પટેલની મુશ્કેલીમાં વધારો : સાણંદ કોર્ટે બિલ્ડરને જમીન કૌભાંડ કેસમાં જાહેર કર્યા દોષિત

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

પોપ્યુલર બિલ્ડર રમણભાઈ પટેલની મુશ્કેલી ઓછી થવાનું નામ લઈ રહી નથી. અમદાવાદના જાણીતા પોપ્યુલર બિલ્ડર રમણ પટેલની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. જમીન કૌભાંડના એક મહત્ત્વના કેસમાં સાણંદ કોર્ટે તેમને દોષિત જાહેર કર્યા છે. સાણંદની કોર્ટે પોપ્યુલર બિલ્ડર રમણ પટેલને આ કૌભાંડ મામલે દોષી ઠેરવ્યા છે.



આ કેસ સાણંદના ચેખલા ગામની જમીન કૌભાંડ સાથે સંબંધિત છે, જેમાં રમણ પટેલ પર ખોટા દસ્તાવેજો બનાવીને જમીન પચાવી પાડવાનો આરોપ હતો. અગાઉ પણ રમણ પટેલ સામે જમીન પચાવી પાડવાના અનેક ગુનાઓ નોંધાયેલા છે. કોર્ટે તેમને દોષિત જાહેર કર્યા બાદ, હવે ટૂંક સમયમાં જ સજાની જાહેરાત પણ કરવામાં આવશે. હાલ પૂરતો સજાનો આદેશ અનામત રાખવામાં આવ્યો છે. બિલ્ડર રમણ પટેલ અને તેમની સાથે જોડાયેલી અલગ અલગ ૫૨ કંપનીઓના નામે સાણંદના ચેખલા ગામે આવેલી કરોડોની જમીન પચાવી લેવામા આવી હતી. પ્રતિબંધિત સત્તા વિસ્તારની જમીનમાં મામલતદારનો ખોટો ઓર્ડર કરી જમીનને બિન ખેતી કર્યા બાદ, વર્ષ ૧૯૯૫ ૧૯૯૬માં જીવાભાઈ પટેલની માલિકીની જમીન અલગ અલગ ૫૨ કંપનીઓ અને તેના હોદ્દેદારો તથા રમણ પટેલના નામે કરી જમીન પચાવી લીધી હતી. જે અંગે જીવાભાઈ પટેલના મૃત્યુ બાદ પરિવારના ધ્યાને આવતા પોલીસમાં ફરિયાદ કરવામા આવી હતી. જે તપાસ બાદ પોલીસે સાણંદ પોલીસ મથકે ગુનો નોંધી રમણ પટેલની ધરપકડ કરી હતી.

મહત્વનું છે કે પ્રતિબંધિત સત્તા વિસ્તારની જમીન હોવા છતાં ખોટો રેકોર્ડ ઉભો કરી ચેખલા ગામની જમીન રમણ પટેલ નહીં ભાગીદારી પેઢીના નામે ખરીદ દસ્તાવેજ ઉભો કરી તે જમીન પચાવી પાડવામાં આવી હતી. બાદમાં અલગ અલગ બાવન કંપનીઓના નામે તેનો દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. જે દરેક કંપની ના એક ભાગીદાર રમણ પટેલ પણ હોવાનું સામે આવ્યું છે. જોકે સમય અંતરે આ તમામ પેઢીઓ એકબીજામાં ભળી ગઈ હતી અને આખરે જમીનનો કબ્જો રમણભાઈ પટેલ પાસે હતો. જેથી પોલીસે ગુનો નોધી તેમની ધરપકડ કરી છે. સાથે જ તમામ પેઢીઓ વચ્ચે થયેલા નાણાકીય વ્યવહારોની તપાસ પણ શરૂ કરવામાં આવી.

જમીન માલિકે નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે જમીનના ટોટલ રૂપિયા રોકડમાં ચૂકવ્યા હોવાનો ખોટો રેકોર્ડ પણ ઉભો કરવામાં આવ્યો છે. જો કે ફરિયાદીને કે તેના પરિવારને એક પણ રૂપિયો આપવામાં આવ્યો નથી. જેથી પોલીસે રમણ પટેલની ધરપકડ કરી ૫૨ પેઢીમાં નામ ધરાવતા અલગ અલગ ૧૭ વ્યક્તિઓની શોધખોળ અને પુછપરછ શરૂ કરી છે. ત્યારે મહત્વનું છે કે પોલીસ તપાસમાં શું ખુલાસા થાય છે અને રમણ પટેલના પરિવારના કેટલા સભ્યોની આ ગુનામાં ધરપકડ કરવામાં આવે છે તે જોવું મહત્વનું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ડોનાલ્ડ ટ્રમ્પે ચીનને આપી મોટી રાહત

# ડોનાલ્ડ ટ્રમ્પે શી જિનપિંગ સાથે મુલાકાત બાદ ટેરિફ ઘટાડ્યો

## તેમણે ચીન પરના ટેરિફમાં ૧૦ ટકાનો ઘટાડો કર્યો છે, આ ઉપરાંત, રેયર અર્થ મામલે પણ મોટો નિર્ણય લીધો છે

**। (એજન્સી) બુસાન, તા.૩૧ ।**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ લગભગ ૬ વર્ષ પછી મળ્યા હતા. તેઓ આજે ગુરુવારે (૩૦ ઓક્ટોબર) દક્ષિણ કોરિયાના બુસાનમાં મળ્યા હતા. આ બેઠક બાદ મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ટ્રમ્પે ચીન પર ટેરિફ ઘટાડતા કહ્યું કે, ચીન સાથે અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ છે. વેપાર સોદા અંગે અપડેટ ટૂંક સમયમાં આપવામાં આવશે. હાલ, અમેરિકાએ ચીન પર ટેરિફ ૧૦ ટકા ઘટાડ્યો છે.

અહેવાલ મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ''જેમ તમે જાણો છો, મેં ફેન્ટાનાઈલને કારણે ચીન પર ૨૦ ટકા ટેરિફ લાદ્યો હતો, પરંતુ તેમની ચિંતાઓ સાંભળ્યા પછી, મેં તેને ૧૦ ટકા ઘટાડી દીધો છે, જે તાત્કાલિક અસરકારક છે.'' ટ્રમ્પે જણાવ્યું કે, ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમણે ચીન પર ટેરિફ ૫૭% થી ઘટાડીને ૪૭% કરવાની જાહેરાત કરી છે. તેમણે એમ પણ કહ્યું કે, તેઓ એપ્રિલમાં ચીનની મુલાકાત લેશે અને ટૂંક સમયમાં વેપાર કરાર પર હસ્તાક્ષર કરશે. ત્યારબાદ શી જિનપિંગ અમેરિકાની મુલાકાત લેશે.

મીટિંગ બાદ, રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી કે, ચીનથી આયાત થતી વસ્તુઓ પર ભારે ટેરિફ ૫૭% થી ઘટાડીને ૪૭% કરવામાં આવશે. ટ્રમ્પે આ બેઠકને ઉત્તમ ગણાવી અને કહ્યું કે, બેઠક દરમિયાન ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. આ ૧૦% ઘટાડો વેપાર સંબંધોને




સામાન્ય બનાવવા તરફ એક મહત્વપૂર્ણ શરૂઆત માનવામાં આવે છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે એ પણ ભાર મૂક્યો કે, બંને દેશો ટૂંક સમયમાં એક મોટા વેપાર કરાર પર હસ્તાક્ષર કરશે. તેમણે એવી પણ જાહેરાત કરી કે, તેઓ કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે ચીન જશે. આ જાહેરાતને બે મહાસત્તાઓ વચ્ચેના વેપાર સંબંધોમાં નવી શરૂઆતના સંકેત તરીકે જોવામાં આવી રહી છે.

આ બેઠકનું બીજું મહત્વપૂર્ણ પરિણામ રેયર અર્થ તત્વોને લગતું હતું, જેની સપ્લાય પર ચીનનો દબદબો છે. ટ્રમ્પે કહ્યું કે, ''રેયર અર્થ માટે કોઈ અવરોધો નથી. આ મુદ્દો સંપૂર્ણપણે ઉકેલાઈ ગયો છે.''

ટ્રમ્પ સાથે મુસાફરી કરી રહેલા એક વરિષ્ઠ યુએસ અધિકારીએ પણ આ વાતની પુષ્ટિ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, ચીન આ મહત્વપૂર્ણ તત્વોની નિકાસ કરવાનું ચાલુ રાખશે. આ સમાચાર ટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રો માટે મોટી રાહત છે, કારણ કે આ ઉદ્યોગોની સપ્લાય ચેઈન આ તત્વો પર ખૂબ આધાર રાખે છે અને સપ્લાયમાં વિક્ષેપ પડવાનું જોખમ હતું. મીટિંગ બાદ, રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી કે, ચીનથી આયાત થતી વસ્તુઓ પર ભારે ટેરિફ ૫૭% થી ઘટાડીને ૪૭% કરવામાં આવશે. ટ્રમ્પે આ બેઠકને ઉત્તમ ગણાવી અને કહ્યું કે, બેઠક દરમિયાન ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. આ ૧૦% ઘટાડો વેપાર સંબંધોને સામાન્ય બનાવવા તરફ એક મહત્વપૂર્ણ શરૂઆત માનવામાં આવે છે.

---


**ન્યૂઝ બ્રિફ**

### ફરી ન્યુક્લિયર હથિયારોનું ટેસ્ટિંગ શરૂ કરશે અમેરિકા

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।**

ડોનાલ્ડ ટ્રમ્પે આજે ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ મોટી જાહેરાત કરી છે કે, અમેરિકા ફરી એકવાર ન્યૂક્લિયર હથિયારોનું ટેસ્ટિંગ શરૂ કરવા જઈ રહ્યું છે. ૩૩ વર્ષ બાદ અમેરિકા આ પ્રકારનું પગલું હાથ ધરશે. ૧૯૯૨માં અમેરિકાએ પોતે જ પરમાણુ હથિયારોના ટેસ્ટિંગ પર પ્રતિબંધ લાદ્યો હતો. ટ્રમ્પની આ જાહેરાત ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે યોજાયેલી બેઠકની થોડી મિનિટ પહેલાં જ થઈ હતી. ટ્રમ્પે આ જાહેરાતને વિશાળ વ્યૂહાત્મક પગલું ગણાવ્યું છે. રશિયાએ પણ હાલમાં જ સૌથી ખતરનાક પરમાણુ સબમરીન ડ્રોનનું પરીક્ષણ કર્યું હોવાની જાહેરાત કર્યા બાદ અમેરિકા અને યુરોપિયન યુનિયનમાં હડકંપ મચ્યો હતો. રશિયાના આ પરીક્ષણ સામે સાવચેતીનું પગલું લેતાં ટ્રમ્પે તાત્કાલિક ધોરણે પરમાણુ પરીક્ષણનો આદેશ આપ્યો હોવાનું પણ મનાઈ રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા ટ્રૂથ પર પોસ્ટ કરી આરોપ મૂક્યો હતો કે, રશિયા અને ચીન બંને પરમાણુ શક્તિને પ્રોત્સાહન આપી રહ્યા છે. જ્યારે અમેરિકા સ્થિર છે. અમેરિકાએ પણ પાછળ રહેવું જોઈએ નહીં. આથી રશિયા અને ચીનના વધી રહેલા એટોમિક પ્રોગ્રામને ધ્યાનમાં લેતાં અમે પણ પરમાણુ હથિયારોનું પરીક્ષણ કરવાનો નિર્ણય લીધો છે.

### રશિયાએ તૈયાર કર્યું ખતરનાક પોસાઈડન સબમરીન પરમાણુ ડ્રોન



**। (એજન્સી) કેનેડા, તા.૩૧ ।**

રશિયાએ પાણીની અંદર પરમાણુ સબમરીન ડ્રોનનું પરીક્ષણ કર્યું છે, જેણે સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને આ અંગે જાહેરાત કરી હતી. પુતિનની જાહેરાતથી અમેરિકા અને યુરોપિયન યુનિયનમાં હડકંપ મચ્યો છે. પરિણામે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાત્કાલિક પરમાણુ પરીક્ષણનો આદેશ આપ્યો છે.

પોસાઈડન **(Poseidon)** નામના આ ડ્રોનની ક્ષમતાઓ વિશે હજુ સુધી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પુતિને જણાવ્યું હતું કે પરમાણુ-સક્ષમ ઓટોમેટિક સબમરીન ડ્રોન પોસાઈડનનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. તે રશિયાની સૌથી શક્તિશાળી સર્મત **(Sarmat)** મિસાઈલ કરતાં વધુ શક્તિશાળી છે. પોસાઈડન ડ્રોનનું પરીક્ષણ સબમરીનમાંથી કરવામાં આવ્યું હતું.

આ ડ્રોન એક પરમાણુ પાવર પ્લાન્ટથી સજ્જ છે જે મોટી સબમરીનના રિએક્ટર કરતાં ૧૦૦ ગણું નાનું છે. પુતિને એમ પણ કહ્યું હતું કે સર્મત મિસાઈલ ટૂંક સમયમાં રશિયાની સેનામાં સામેલ કરવામાં આવશે. પુતિને પોસાઈડન રિએક્ટરને નોંધપાત્ર ગણાવતાં ઉમેર્યું હતું કે તેના નિર્માણમાં સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

---

### પટનામાં બોલ્યા ગૃહમંત્રી અમિત શાહ

# સરદાર પટેલ વ્યક્તિ નહીં એક વિચારધારા છે

## અમિત શાહે જણાવ્યું કે આ વર્ષે રન ફોર યુનિટીનું ભવ્ય આયોજન કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે

**। (એજન્સી) બેઈજીંગ, તા.૩૧ ।**

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આજે પટનામાં એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ પરિષદને સંબોધિત કરી હતી, તેમની સાથે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાય પણ હતા.

પત્રકાર પરિષદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે સરદાર પટેલ કોઈ વ્યક્તિ નહીં, પરંતુ એક વિચારધારા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરદાર પટેલ આઝાદીના કરોડરજ્જુ હતા અને રાષ્ટ્રનિર્માણમાં તેમનું યોગદાન મહત્વપૂર્ણ હતું. આ દરમિયાન, તેમણે જાહેરાત કરી કે દરેકને પૂજ્ય સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટે એકતા નગર કેવડિયા કોલોનીમાં યોજાનારી ભવ્ય પરેડમાં હાજરી આપવા માટે આમંત્રણ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સ્વતંત્રતા પછી દેશને એક કરવામાં અને આજે આપણે જે ભારત જાણીએ છીએ તેના નિર્માણમાં સરદાર પટેલે જે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે તે આપણે બધા જાણીએ છીએ. આ સમારોહ દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ''સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, અને ગૃહ મંત્રાલયે પણ નિર્ણય લીધો છે કે આજથી દર ૩૧ ઓક્ટોબરે આવી જ ભવ્ય પરેડ યોજાશે. આ પરેડનું આયોજન દેશની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરનારા તમામ કેન્દ્રીય અર્ધલશ્કરી દળો અને દરેક રાજ્યના પોલીસ દળોના સન્માન માટે કરવામાં આવ્યું છે, અને તે સરદાર પટેલની પ્રતિમા સામે યોજાશે, જે રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના મૂર્ત સ્વરૂપ છે.'' ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે આ વર્ષે રન ફોર યુનિટીનું ભવ્ય આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશભરના દરેક રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશ, જિલ્લા, પોલીસ સ્ટેશન, શાળા અને યુનિવર્સિટીમાં રન ફોર યુનિટીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. દેશની એકતા અને અખંડિતતા માટે પ્રતિજ્ઞા લેવા માટે દરેક નાગરિક માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટે, એકતા નગરમાં ભારત પર્વનું આયોજન કરવામાં આવ્યું છે, જે ૧ નવેમ્બરથી ૧૫ નવેમ્બર, ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ સુધી ચાલશે અને ૧૫ નવેમ્બરે આદિવાસી સંસ્કૃતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દર્શાવતા ભવ્ય કાર્યક્રમ સાથે સમાપ્ત થશે.

---

# બંદુક દેખાડીને ટ્રિપલ તલાક આપ્યા પત્નીની ફરિયાદ બાદ પતિની ધરપકડ

**। (એજન્સી) ભોપાલ, તા.૩૧ ।**

દેશમાં ટ્રિપલ તલાક પર પ્રતિબંધ હોવા છતા આ પ્રથાને લઈને અનેક મામલા સામે આવી રહ્યા છે. મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં હવે બંદુકની અણીયે ટ્રિપલ તલાક આપ્યાની ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે. પતિ બંદુક લઈને પત્ની પાસે ગયો હતો અને ત્રણ વખત તલાક બોલીને તલાક આપી દીધા હતા. જોકે પત્નીએ બાદમાં પોલીસનો સહારો લીધો હતો તેથી તાત્કાલીક પતિની ધરપકડ કરી લેવાઈ છે.મધ્ય પ્રદેશના ભોપાલના અશોક કોલોનીમાં સગા સંબંધીઓને ત્યાં આ મુસ્લિમ મહિલા રહેતી હતી, પતિ દાનિશ ફર્નીચરની દુકાન ચલાવે છે. અચાનક તે લાઈસેંસવાલી બંદુક લઈને પત્ની જ્યાં રહેતી હતી ત્યાં પહોંચ્યો હતો, પતિને બંદુક સાથે આવતો જોઈને પત્ની ડરી ગઈ હતી અને ઘરમાં છુપાઈ ગઈ હતી. બાદમાં આરોપી પતિએ ગેટની બહાર ઉભા રહીને જોર જોરથી ચીસો પાડીને તલાક તલાક તલાક બોલીને તલાક આપવા પ્રયાસ કર્યો હતો. બાદમાં તે ત્યાંથી જતો રહ્યો હતો. પીડિતાએ બાદમાં સ્થાનિક પોલીસની મદદ લીધી હતી અને કહ્યું હતું કે ધમકી આપીને આ સંબંધ ખતમ કર્યો, મહિલાની ફરિયાદ બાદ સ્થાનિક પોલીસ અધિકારી યૂપીએસ ચૌહાણે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલીક કાર્યવાહી કરતા આરોપીની ધરપકડ કરી લીધી હતી.

---

### આર્થિક અસમાનતા અને દેખાડાની સંસ્કૃતિને ખતમ કરવા સ્થાનિક પંચાયતોનો નિર્ણય

# ઉત્તરાખંડનાં 3 ગામની મહિલાઓ સોનાના 3થી વધુ ઘરેણાં નહીં પહેરે

## જૌનસાર-બાબર ક્ષેત્રના આ ગામોએ લીધેલો નિર્ણય દેશના અન્ય ગ્રામીણ સમાજો માટે એક દીવાદાંડી બની શકે છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

ઉત્તરાખંડના જૌનસાર-બાબર ક્ષેત્રના કંધાર અને ઈન્દ્રોલી ગામની સ્થાનિક પંચાયતોએ સમાજમાં વધી રહેલી આર્થિક અસમાનતા અને દેખાડાની સંસ્કૃતિને ખતમ કરવા માટે એક મહત્વપૂર્ણ અને આકરો નિર્ણય લીધો છે. હવે આ ગામોમાં લગ્ન સમારોહમાં મહિલાઓ ત્રણથી વધુ ઘરેણાં પહેરી શકશે નહીં. સ્થાનિક પંચાયત દ્વારા લેવાયેલા આ ઐતિહાસિક નિર્ણય પ્રમાણે, લગ્ન સમારોહમાં મહિલાઓ હવે ફક્ત આવશ્યક ઘરેણાં જ પહેરી શકશે, એમાં કાનના ઝુમકા(અથવા બુટ્ટી), નાકની નથણી અને મંગળસૂત્ર સામેલ છે. આ આવશ્યક ઘરેણાં સિવાય અન્ય અને વધુ ઘરેણાંઓનો દેખાડો કરવા પર પ્રતિબંધ મૂકવામાં



આવ્યો છે. પંચાયતે આ નિર્ણય સમાજમાં વધી રહેલી દેખાડાની હોડ અને સામાજિક હરિફાઈને ઓછી કરવાના ઉદ્દેશ્યથી લીધો છે. સ્થાનિક લોકોનું માનવું છે કે લગ્ન સમારોહમાં પરિવાર ઘણીવાર સામાજિક દબાણને લીધે પોતાની ક્ષમતા કે શક્તિ કરતા વધુ ખર્ચ કરે છે. જેનાથી ખાસ કરીને ગરીબ અને સામાન્ય પરિવારો પર ભારે આર્થિક ભાર પડે છે. ઈન્દ્રોલી ગામના અત્તરસિંહ ચૌહાને કહ્યું કે, સોનાની કિંમતો ખૂબ વધી ગઈ છે. સામાન્ય વ્યક્તિ સોનુ ખરીદી શકતો નથી. અમીર વ્યક્તિ તો ખરીદી શકે છે, પરંતુ ગામમાં સામાન્ય અને ગરીબ લોકો રહે છે, એટલે માટે આ લોકો ઘરેણાં બનાવી શકતા નથી. આ લોકો ફક્ત કાનના ઝુમકા, મંગળસૂત્ર અને નથણી જ બનાવી શકે છે, તેનાથી વધુ ઘરેણાં મોટાભાગના લોકો બનાવી શકતા નથી. તેમણે વધુમાં કહ્યું કે, અમે સૌ આ નિયમથી રાજી છીએ. હવે કોઈ તુલના થશે નહીં કોણે કેટલું સોનુ પહેર્યુ છે.

---

### ચાર દિવસની વાટાઘાટોમાં નક્કર પરિણામ નહીં મળતાં પાકિસ્તાનના વિદેશ મંત્રીએ ધમકી આપી

# પાક.ના મંત્રીની ડંફાસઃ તાલિબાનોનો નાશ કરી ગુફાઓમાં ધકેલી દઈશું

## તાલિબાનની આખી સરકારને પાડવા અને નેસ્તનાબૂદ કરવા માટે પાકિસ્તાનને પોતાની સમગ્ર શક્તિના થોડા ભાગનો ઉપયોગ કરવાની પણ જરૂર નથી

**। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩૧ ।**

આતંકવાદની ફેક્ટરી તરીકે કુખ્યાત બનેલા પાકિસ્તાનને છેલ્લાં ઘણાં સમયથી ઘર આંગણાનો આતંકવાદ સતાવી રહ્યો છે. અફઘાનિસ્તાન સાથેની વાટાઘાટો પડી ભાંગ્યા પછી પાકિસ્તાનની ચિંતા વધી છે. જેના પગલે પાકિસ્તાનમાં આતંકવાદી હરકતોમાં અફઘાનિસ્તાનના તાલિબાનોનો હાથ હોવાનો દાવો ફરી એક વખત સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે કર્યો છે. ભવિષ્યમાં પાકિસ્તાનમાં કોઈ આતંકવાદી હરકત થાય તો તાલિબાનોને નેસ્તનાબૂદ કરીને ફરી ગુફામાં ધકેલી દેવાની ધમકી પણ આસિફે આપી છે. ઈસ્તંબૂલમાં પાકિસ્તાન અને તાલિબાનો વચ્ચે ચાર દિવસ શાંતિ મંત્રણા થઈ હતી. પાકિસ્તાને મુખ્યત્વે અફઘાનિસ્તાનની



જમીન પરથી પાકિસ્તાનમાં આતંક ફેલાવી રહેલા લડવૈયાઓ સામે પગલાં લેવાની માગણી મૂકી હતી. ચાર દિવસની સઘન વાટાઘાટોમાં નક્કર પરિણામ નહીં મળતાં પાકિસ્તાને જૂની આદત મુજબ ધમકીઓ આપી પોતાના ગભરાટને છુપાવ્યો હતો. ખ્વાજા આસિફે સોશિયલ મીડિયા પર જણાવ્યુ હતું કે, ભાઈ સમાન રાષ્ટ્રોની વિનંતીના પગલે શાંતિ મંત્રણામાં પાકિસ્તાને ભાગ લીધો હતો. કેટલાક અફઘાન સત્તાધિશોએ પાકિસ્તાન સામે ઝેર ઓકતાં નિવેદનો આપ્યા છે, જેના કારણે તાલિબાની સરકારનું વિઘટનકારી અને વિનાશક મિજાજનો ફરી એક વાર પરચો આપ્યો છે. તાલિબાનની આખી સરકારને પાડવા અને નેસ્તનાબૂદ કરવા માટે પાકિસ્તાનને પોતાની સમગ્ર શક્તિના થોડા ભાગનો ઉપયોગ કરવાની પણ જરૂર નથી. તાલિબાનોને નાબૂદ કરી ગુફામાં સંતાઈ જવાની ફરજ પાડવા પાકિસ્તાન સક્ષમ છે. ટોરા બોરામાંથી જે રીતે તાલિબાનો ઊભી પૂંછડીએ ભાગ્યા હતા, તેવું જ દૃશ્ય ફરી જોવું હોય તો પાકિસ્તાન તૈયાર છે.

---

### પુરાવા રજૂ કરવા કોર્ટનો આદેશ

# એપલે ઓપ્પો પર વોચની ટેકનોલોજી ચોરવાનો આરોપ લગાવ્યો

## આ પહેલાં પણ એપલે ઘણા કેસ દાખલ કર્યા છે, જેમાં પૂર્વ કર્મચારીઓ પર બૌદ્ધિક સંપદાની ચોરીનો આરોપ લગાવવામાં આવ્યો છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

એપલે તેના જ પૂર્વ કર્મચારી ડૉ. ચેન શી અને ચીની સ્માર્ટફોન કંપની ઓપ્પો વિરુદ્ધ કોર્ટમાં કેસ કર્યો છે. એપલનો આરોપ છે કે ચેન શી એ નોકરી છોડતા પહેલાં એપલ વોચ સંબંધિત ગોપનીય માહિતીની ચોરી કરી અને તેને ઓપ્પો સાથે વહેંચી. આ કેસ અમેરિકાની કેલિફોર્નિયાની એક અદાલતમાં દાખલ કરવામાં આવ્યો છે. ચેન શી એપલ વોચ ટીમમાં સેન્સર સિસ્ટમ આર્કિટેક્ટ તરીકે કામ કરતો હતો. એપલનો આરોપ છે કે જૂનમાં કંપની છોડતા પહેલાં ચેન શી એ ૬૩ ગુપ્ત દસ્તાવેજો ડાઉનલોડ કર્યા હતા. આ દસ્તાવેજો એપલ વોચની હેલ્થ સેન્સર ટેક્નોલોજી સાથે જોડાયેલા હતા, જે તેને બજારમાં ખાસ બનાવે છે. કંપનીનો દાવો છે કે ચેન શી એ આ બધું તેમના હરીફ ઓપ્પો માટે કર્યું. કેસમાં એક ચેટનો પણ ઉલ્લેખ છે, જેમાં ચેન શીએ ઓપ્પોના એક અધિકારીને લખ્યું હતું, 'શક્ય હોય એટલી વધુ માહિતી એકઠી કરી રહ્યો છું.'ઓપ્પોએ આ તમામ આરોપોને સદંતર નકારી કાઢ્યા છે. કંપનીએ કહ્યું છે કે તેમને ચેન શીની કોઈપણ ખોટી હરકતનો કોઈ પુરાવો મળ્યો નથી. ઓપ્પોનું કહેવું છે કે તેઓ બધી કંપનીઓના બિઝનેસ સિક્રેટ્સનું સન્માન કરે છે અને તેમણે એપલના કોઈ પણ રહસ્યનો ખોટો ઉપયોગ કર્યો નથી. ઓપ્પોએ એ પણ કહ્યું કે તેઓ આ કાનૂની પ્રક્રિયામાં સંપૂર્ણ સહયોગ કરશે અને તેમને આશા છે કે કોર્ટમાં સત્ય સામે આવશે.આ પહેલીવાર નથી જ્યારે એપલે તેના કોઈ પૂર્વ કર્મચારી અથવા હરીફ કંપની પર આવા આરોપો લગાવ્યા હોય. આ પહેલાં પણ એપલે ઘણા કેસ દાખલ કર્યા છે, જેમાં પૂર્વ કર્મચારીઓ પર બૌદ્ધિક સંપદાની ચોરીનો આરોપ લગાવવામાં આવ્યો છે. એપલના ઈલેક્ટ્રિક વ્હીકલ પ્રોજેક્ટ પર કામ કરનારા ત્રણ પૂર્વ એન્જિનિયરો પર પણ ચીનને ગુપ્ત માહિતી આપવાના આરોપમાં કેસ ચાલી રહ્યો છે.

---

# બ્રેકઅપ થયું છે, એક મહિનાની રજા જોઈએ છે

## ગુરુગ્રામ સ્થિતિ કંપનીના કો-ફાઉન્ડરે કર્મચારીની અરજીને અત્યાર સુધીની સૌથી વધુ પ્રામાણિક રજા અરજી ગણાવી

**। (એજન્સી) ગુરુગ્રામ, તા.૩૧ ।**

ઓફિસમાંથી રજા લેવા માગતા કર્મચારીઓ દર વખતે અવનવા કારણો શોધતા રહે છે. એક કર્મચારીએ રજા લેવા માટે લખેલો ઈ-મેઈલ વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેણે બ્રેકઅપ થયું હોવાનું કારણ દર્શાવી રજા માગી હતી. કર્મચારીના આ ઈ-મેઈલને કંપનીના કો-ફાઉન્ડરે જ સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો અને તેને અત્યાર સુધીની વધુ પ્રામાણિક રજા અરજી ગણાવી હતી. ગુડગાંવ સ્થિત નોટ ડેડિંગ કંપનીના સીઈઓ અને કો-ફાઉન્ડર જસવીર સિંહે એક્સ પોસ્ટમાં સૌથી વધુ પ્રામાણિક રજા અરજી શેર કરી છે. જેમાં તેમણે એક કર્મચારીની લીવ એપ્લિકેશનનો સ્ક્રિન શોટ શેર કર્યો છે. આ લીવ એપ્લિકેશનમાં કર્મચારીએ લખ્યું હતું કે, હેલો સર તાજેતરમાં મારું બ્રેકઅપ થયું છે. જેના કારણે હું ફોકસ કરી શકતો નથી અને મારે થોડા દિવસની રજા જોઈએ છે. હું વર્ક ફ્રોમ હોમ કરી રહ્યો છું અને ૨૮થી ૮ તારીખ સુધી રજા જોઈએ છે.કર્મચારીની આ રજા અરજીને કંપનીના સીઈઓ જસવીર સિંહે અત્યાર સુધીની સૌથી વધુ ઈમાનદાર લીવ એપ્લિકેશન ગણાવી છે. તેમણે આ અરજી શેર કરતી વખતે યુવા કર્મચારીઓને પોતાની લાગણી અંગે ખુલીને વાત કરવા સલાહ આપી હતી. તેમણે આવી સાચું કારણ દર્શાવતી રજા અરજી લખનારા કર્મચારીનું નામ કે અન્ય વિગતો જણાવી ન હતી. જો કે આ પોસ્ટ વાંચ્યા પછી સોશિયલ મીડિયા પર નવો વિષય શરૂ થઈ ગયો હતો. કેટલાંક યુઝર્સે કર્મચારીની ઈમાનદારીની પ્રશંસા કરી હતી. જ્યારે કેટલાંકે લગ્ન માટે પણ આટલી બધી રજા ન મળતી હોવાની કોમેન્ટ કરી હતી. આ ચર્ચામાં કંપનીના સીઈઓએ પણ ઝંપલાવ્યું હતું અને બ્રેકઅપમાં લગ્નની સરખામણીએ વધુ રજાની જરૂર પડતી હોવાનું જણાવી પોતાના કર્મચારીનો પક્ષ લીધો હતો.

---

### સમાજ માટે દાખલારૂપ ઘટના

# સ્ટીલના વાસણમાં સૂતળી બોમ્બ ફોડતાં પંદર વર્ષનો ગોધરાનો કિશોર થયો ઘાયલ

**। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।**

દિવાળીના તહેવાર દરમિયાન દારૂખાનું ફોડતી વેળાએ અજમાવવામાં આવતાં અવનવા તુક્કા ક્યારેક ભારે પડી જતા હોવાના મામલાઓ બહાર આવતા હોય છે. પંચમહાલ જિલ્લાના ગોધરામાં ૧૫ વર્ષના એક કિશોરે સૂતળી બોમ્બ સ્ટીલના વાસણમાં મૂકીને ફોડતાં વાસણનો એક ધારદાર ટૂકડો ઉડીને કિશોરને ગંભીર રીતે ઘાયલ કરી ગયો હતો. આ કિશોરને વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં તબીબોએ ભારે જહેમત ઉઠાવીને કિશોરના નાક અને આંખમાં ઘૂસી ગયેલા વાસણના ટૂકડાને બહાર કાઢીને બાળકનો જીવ બચાવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૫ વર્ષના ગોધરા નિવાસી બાળક અનિલ રાઠવા (નામ બદલવામાં આવ્યું છે) તા. ૨૮/૧૦/૨૫ના રોજ સાંજના સમયે ઘર આંગણે ફટાકડા (સૂતળી બોમ્બ) ફોડતી વખતે સ્ટીલના વાસણમાં મૂકીને સૂતળી બોમ્બ ફોડતો હતો. આ દરમિયાન અચાનક વાસણનો એક ધારદાર ટૂકડો ઉડીને સીધો તેના નાક અને આંખના ભાગમાં ઘૂસી ગયો હતો, જેમાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેના પરિવારજનો એને પહેલાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે મધ્ય ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ એસ.એસ.જી. (સયાજી હોસ્પિટલ) માં રિફર કરવામાં આવ્યો હતો. સયાજી હોસ્પિટલમાં કાન, નાક અને ગળાંના વિભાગની ટીમે સીટી સ્કેન કરાવી ટૂકડાની સ્થિતિ જાણી હતી. ટૂકડો નાકને ચીરીને સાયનસને નુકસાન પહોંચાડી આંખ સુધી પહોંચી ગયો હતો. સદ્ભાગ્યે આંખ બચી ગઈ હતી. ઈ.એન.ટી. અને એનેસ્થિસિયા ટીમે તાત્કાલિક રાત્રિના સમયે જ મહા મહેનતે ઓપરેશન કરીને સફળતાપૂર્વક ટૂકડો કાઢીને બાળકનો જીવ બચાવ્યો હતો. હાલમાં બાળકની સ્થિતિ સુધારા પર હોવાનું તબીબી સૂત્રોએ જણાવ્યું હતું. આવી ઘટનાઓ સમાજ માટે દાખલારૂપ છે કે બાળકો જ્યારે ફટાકડા ફોડતા હોય ત્યારે મોટાઓની દેખરેખ હેઠળ ફોડવા જોઈએ તેમ તબીબોએ ઉમેર્યું હતું.

## તંત્રી લેખ...

# માત્ર 4 મિનિટના ઝૂમ કોલમાં ભારતના સ્ટાફની હકાલપટ્ટી થઇ

લેઓફ, ડાઉનસાઈઝીંગ, જોબ-કટ, હાયરીંગ ફ્રીઝ વગેરે માટે આપણે ત્યાં હકાલપટ્ટી કે પાણીચું જેવા શબ્દો વપરાય છે. પ્રાઈવેટ કંપનીના કર્મચારીઓના માથે હંમેશા હકાલપટ્ટીની તલવાર લટકતી હોય છે. લોકો સરકારી નોકરી પસંદ કરે છે તેનાં અનેક પૈકીનું એક કારણ એ છે સરકારી નોકરી સ્થિર અને સુરક્ષિત રહે છે. રાતોરાત કોઈને નોકરી પરથી કાઢી શકાતા નથી. મોટી અને નામાંકિત કહેવાતી ઈન્ફોર્મેશન ટેકનોલોજી કંપનીઓ સ્ટાફ લેવામાં જેટલી ઉતાવળ રાખે છે તેનાથી વધુ ઉતાવળ સ્ટાફની હકાલપટ્ટી કરવામાં કરે છે.

ભારતની ટોચની કંપનીઓની પ્રશંસા કરવી જોઈએ. કોરોનાકાળમાં જ્યારે વિદેશની કંપનીઓ સ્ટાફની હકાલપટ્ટી કરતી હતી ત્યારે મોટા ભાગની ભારતીય કંપનીઓએ આવું પગલું ભર્યું નહોતું. હાલ અમેરિકાની ટોચની ૧૫ કંપનીઓ દોઢ લાખથી વધુ લોકોની નોકરી આંચકી લેવાની પેરવી કરી રહી છે ત્યારે અમેરિકાનું જોબ માર્કેટ ખાડે જઇ રહ્યું હોવાનું દેખાઇ આવે છે. ઈન્ટેલ, નેસ્લે, માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓમાં જોબ મેળવીને ધન્યતા અનુભવનારાઓની ઊંઘ આજકાલ હરામ થઇ ગઇ છે. ક્યારે બાય-બાય કહેતો ઈમેલ ટપકી પડશે તેની કોઇને ખબર નથી હોતી. તગડો પગાર આપતી આ કંપનીઓ જોબ આપતી વખતે આકરા કોન્ટ્રાક્ટ પર સહી કરાવીને કાંડા કાપી લેતી હોય છે.

સંખ્યાબંધ કર્મચારીઓને સાગમટે પાણીચું આપવામાં આવે ત્યારે તે સમાચાર બને છે. અનેક કિસ્સા એવા છે, જેમાં કંપનીએ નાની નાની વાતમાં કર્મચારીને બાય-બાય કહી દીધું હોય. કંપનીઓ સ્ટાફની સંખ્યા પર કાતર ચલાવતી વખતે વિવિધ કારણો આપે છે. કેટલાંક કરકસર કે કોસ્ટ-કટિંગનું કારણ આગળ ધરે છે, કોઈ અમુક-તમુક પ્રોજક્ટ્સ બંધ થઈ ગયા હોવાથી હવે સ્ટાફની જરૂર રહી નથી તેવું કારણ બતાવે છે.

સ્ટાફ ઓછો કરવાની જાયન્ટ કંપનીઓની પ્રવૃત્તિને એક પ્રકારનું ગાંડપણ કહી શકાય. તોતિંગ નફો કરતી કંપનીઓ સ્ટાફની એક્સ્ટ્રા એક્ટિવિટી પાછળ પુષ્કળ ખર્ચ કરતી હોય છે. કંપનીનો ખર્ચ અનેક રીતે ઓછો થઇ શકે છે, પરંતુ કાતર સામાન્યપણે માત્ર સ્ટાફની સંખ્યા પર જ ચલાવવામાં આવે છે. લેઓફ જેવું રૂપકડું નામ આપીને સ્ટાફને વિદાય આપી દેવાય છે. કંપનીની આર્થિક સમસ્યાનો મુદ્દો આગળ કરવામાં આવે છે ત્યારે સ્ટાફ વિવાદમાં પડતો નથી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નોકરીઓ ખાઇ રહી છે તે વાત હવે રોજ કાને પડે છે. કંપનીઓ છેંનો ઉપયોગ વધારીને નોકરીઓ ઘટાડી રહી છે.

એક અમેરિકન કંપની માટે ભારતમાં રહીને વર્ક-ફ્રોમ-હોમ કરતા કર્મચારીઓના એક જૂથે સોશિયલ મીડિયા પોતાનો અનુભવ શેર કર્યો છે. માત્ર ચાર મિનિટના ઝૂમ કૉલ દરમિયાન એક સાથે આખા ભારતીય સ્ટાફની જોબ આંચકી લેવામાં આવી હતી.

આ લેઓફનો ભોગ બનનાર એક વ્યક્તિ લખે છે કે અમેરિકન કંપનીના ચીફ ઓપરેટીંગ ઓફિસરે પોતાનો ઉદ્દેશનો અંદેશો સુધ્ધાં આપ્યા વગર ભારતીય સ્ટાફ સાથે ઓનલાઈન મિટીંગ ગોઠવી હતી. સૌ માટે તેમાં હાજર રહેવાનું ફરજીયાત હતું. ભારતીય સ્ટાફને સ્થાનિક સમય મુજબ સવારે ૧૧ વાગે દરેક લોગ-ઈન કરવા માટે સૂચના આપવામાં આવી હતી. જેવી ઓનલાઈન મિટીંગ શરૂ થઈ કે તરત જ જાહેરાત કરી દેવામાં આવી કે કંપનીમાં કામ કરી રહેલા ભારતના તમામ કર્મચારીઓને લેઓફ અપાયો છે. કર્મચારીઓ કંઇ સમજે તે પહેલાં કોઈ જ પ્રકારની સ્પષ્ટતા વગર મિટીંગ આટોપી લેવામાં આવી. માત્ર ચાર મિનિટના ખેલમાં કંપનીનો ભારત ખાતેનો આખો આખો સ્ટાફ સાગમટે બેકાર થઈ ગયો.

## આ બે નેતા હશે ગણતંત્ર દિવસે ભારતના ખાસ મહેમાન

ભારતએ આગામી ગણતંત્ર દિવસ ૨૦૨૬ માટે એક ઐતિહાસીક નિર્ણય કર્યો છે. આ વખતે યુરોપીય સંઘ (ઈયુ)ના પ્રમુખ ઉર્સુલા વોન ડેરલેન અને યુરોપિય પરિષદના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાને મુખ્ય અતિથિ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. ભારતના ઈતિહાસમાં પહેલી વખત હશે કે કોઈ આતંરરાષ્ટ્રીય સંગઠનના બે પ્રમુખોને એક સાથે ભારતે આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં આમંત્રણ આપ્યું હોય. આ બંને ૨૦૨૬ના જાન્યુઆરી મહિનામાં દિલ્હી આવશે. એમ મનાય છે કે આ નિર્ણયથી ભારત - યુરોપીય સંઘના સંબંધો નવી ઉચાઇ પ્રાપ્ત કરશે. નવી દિલ્હી અને બ્રસેલ્સ આ બાબતની જાહેરાત ટૂક સમયમાં કરશે. દર વર્ષે ગણતંત્ર દિવસે વિદેશના મુખ્ય અતિથિને બોલાવવા માટે ઘણી માથાકુટ થાય છે. પસંદગી ફક્ત ઔપચારીક નથી હોતી, પરંતુ એની પાછળ દેશની રાજકીય રણનીતિ અને આતંરરાષ્ટ્રીય સંબંધો પણ ધ્યાનમાં લેવાય છે.

રાજ્ય ન્યાયીક અધિકારીઓની સેવા નિયમ બનાવવાના સુપ્રિમ કોર્ટના ચુકાદા પર બે દશકથી વિવાદ ચાલી રહ્યો છે. હવે અલ્હાબાદ હાઈકોર્ટે સુપ્રિમ કોર્ટને સાફ શબ્દોમાં કહ્યું છે કે આ બાબતે કોઈ હસ્તક્ષેપ નહીં કરે. હમણા જ સુપ્રિમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટને ચૂકાદા બાબતે મોડુ કરવા માટે ઠપકો આપ્યો હતો. હાઈકોર્ટે કહ્યું હતુ કે, 'જે ન્યાયીક અધિકારીઓની સીધી ભરતી થઈ છે એવા જિલ્લા ન્યાયાધીશોને પ્રમોશન આપવાનું કામ સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટ પર છોડી દેવું જોઈએ. હાઈકોર્ટનું પ્રતિનિધિત્વ કરતા સિનિયર વકીલ રાકેશ દ્વિવેદીએ દલીલ કરી હતી કે, સર્વોચ્ચ અદાલતોએ બંધારણ હેઠળ હાઈકોર્ટને પોતાના હકથી વંચીત કરવી જોઈએ નહીં. હવે સમય છે કે હાઈકોર્ટને મજબૂત કરવામાં આવે. વાત ઘણી આગળ નીકળી ગઈ છે.'

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)એ જવાહરલાલ નહેરુ વિશ્વ વિદ્યાલય (જેએનયુ) વિદ્યાર્થી સંગઠનની ચૂંટણી માટે ઉમેદવારો જાહેર કર્યા છે. પ્રમુખપદ માટે વિકાસ પટેલ, ઉપપ્રમુખ માટે તાનીયાકુમારી મંત્રી માટે રાજેશ્વર દુબે અને સહમંત્રી માટે અનુજ ડમરાના નામ જાહેર કર્યા છે. જેએનયુ છાત્ર સંગઠનની ચૂંટણી હંમેશા ચર્ચામાં રહે છે એનું કારણ એ છે કે વર્ષો સુધી જેએનયુના વિદ્યાર્થી સંગઠન પર સામ્યવાદી પક્ષોનો પ્રભાવ રહ્યો હતો. છેલ્લા થોડા વર્ષોથી એબીવીપીએ કાઠુ કાઢ્યું છે. હવે એબીવીપી પોતાનું પ્રભુત્વ છોડવા માંગતો નથી. દિલ્હીમાં જ્યારે સીએએ વિરુદ્ધ આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે જેએનયુના કેટલાક વિદ્યાર્થી આગેવાનોએ સરકાર વિરુદ્ધ લડવાની આગેવાની લીધી હતી. એ વખતે ભાજપના નેતાઓને લાગ્યું હતું કે, જેએનયુમાં વિદ્યાર્થી સંગઠન પર એબીવીપીનો કબજો હશે તો ભવિષ્યમાં ઉપયોગી નીવડી શકે એમ છે. આમ આદમી પાર્ટીના શૂતરાણાથી ચૂંટાયેલા ધારાસભ્ય કુલવંતસિંહ બાજીઘર સામે અપહરણ અને જાણી જોઈને ઈજા પહોંચાડવાનો કેસ દાખલ થયો છે. એફઆઈઆરમાં ધારાસભ્યના પુત્રો અને સાથીઓના નામ પણ દાખલ કરવામાં આવ્યા છે. કરીમનગરના રહેવાસી ગુરુચરણસિંહ કાલાની ફરિયાદને આધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કાલાએ પોલીસને આપેલી ફરિયાદમાં કહ્યું છે કે, કેટલાક લોકો એમને કૈથલના ખરકન ગામથી એક કારમાં જબરજસ્ટીથી ઉઠાવી ગયા હતા. એ લોકો પાસે બંદૂક અને લોખંડના સળિયા હતા. એ લોકો કાલાને બાંધીને નરવાના નહેર પાસે લઈ ગયા હતા અને ધારાસભ્ય અને એમના પુત્રોને વિડિયો કોલ કર્યો હતો. એ લોકોએ કાલાને સમાધાન કરી લેવા દબાણ કર્યું હતું. કાલાના કહેવા પ્રમાણે એણે ગામના સરપંચનો વિરોધ કર્યો હતો જે ધારાસભ્યનો ભાઈ છે. આજકાલ બિહાર વિધાનસભાની ચૂંટણી દેશમાં ચર્ચાય રહી છે. ભાગ્યે જ કોઈ જાણીતી વ્યક્તિ હશે કે જેણે બિહાર ચૂંટણી વિશે નુકતેચીની કરી નહી હોય. હવે એક્ટર, ફિલ્મ ક્રીટીક અને સોશ્યલ મીડિયામાં જાણીતા થયેલા કમાલ રસીદ ખાન ઉર્ફ કેઆરકેએ નવી વાત કરી છે. એમણે સોશ્યલ મીડિયા એક્સ પર એક પછી એક ટ્વીટ કરીને પોતાનો અભિપ્રાય આપ્યો છે. એમણે ત્યાં સુધી કહ્યું છે કે બિહારની ચૂંટણી એ ફક્ત દેખાડો છે આવતા ૫૦ વર્ષ સુધી દેશમાં ભાજપની સરકાર રહેશે.

**ચેટ જીપીટી અને અન્ય એઆઇ ટુલ્સ ઉપર એકલતા દૂર કરવાના અને આત્મહત્યાના રસ્તા શોધનારા લોકોની સંખ્યા ભયજનક રીતે વધી રહી છે**

# અઠવાડિયે 10 લાખથી વધુ લોકો આત્મહત્યાના રસ્તા શોધે છે

**આત્મહત્યા કરવાનો સૌથી સરળ રસ્તો કયો છે? હવે જીવનમાં કશું જ વધ્યું નથી, મેં બધું જ ગુમાવી દીધું છે તો હવે તેમાંથી મુક્ત થવાનો રસ્તો શું છે? કોઈપણ જાતની પીડા વગર આત્મહત્યા કેવી રીતે કરી શકાય? કયા દેશોમાં આત્મહત્યા સૌથી વધારે થાય છે? આત્મહત્યાની મંજૂરી મળે તેવી જગ્યાઓ કઈ કઈ છે? આવા અનેક સવાલો લોકો ચેટબોટ્સને કરી રહ્યા છે થ દર અઠવાડિયે ચેટજીપીટીનો ઉપયોગ કરનારા 80 કરોડ લોકોમાંથી 10 લાખ લોકો આત્મહત્યા કરવાના રસ્તા શોધવા માટે એઆઈ સાથે વાત કરતા હોય છે**



આત્મહત્યા એકંદરે ગુનો ગણાય છે અને સામાજિક રીતે પણ તેની સ્વીકૃતિ નથી. આત્મહત્યા કરનારા લોકો પ્રત્યે સમાજ વધારે પૂર્વગ્રહ રાખતો હોય છે. બીજી તરફ હાલમાં સ્થિતિ એવી આવી ગઈ છે જેણે આત્મહત્યાની ઘટનાઓમાં ચિંતાજનક સ્તરે વધારો કર્યો છે. બીજી તરફ એઆઈ ટુલ્સનું વળગણ વધી રહ્યું છે. લોકો એઆઈ ટુલ્સ અને એઆઈ રોબોટ્સને સાથી માનવા લાગ્યા છે. ચિંતાની વાત એવી છે કે, લોકો હવે આ કહેવાતા એઆઈ સાથીઓ અને એઆઈ ટુલ્સને આત્મહત્યા કરવાની પદ્ધતિઓ પૂછી રહ્યા છે. લોકો એઆઈ ટુલ્સને સવાલ કરી રહ્યા છે કે, હું આત્મહત્યા કરવા માટે કેવી રીતનો ઉપયોગ કરું. વધારે પીડા ન થાય તેવા આત્મહત્યાના રસ્તા જણાવો.

તાજેતરમાં એક અહેવાલ સામે આવ્યો છે જેમાં જણાવાયું છે કે, લોકો આત્મહત્યા કરવા માટે વિવિધ રસ્તા શોધી રહ્યા છે અને તેના માટે તેઓ ચેટજીપીટી અને અન્ય એઆઈ ટુલ્સનો ઉપયોગ કરી રહ્યા છે. ચાર દિવસ પહેલાં જ આવેલા અહેવાલમાં જણાવાયું છે કે, દર અઠવાડિયે ૧૦ લાખ કરતા વધારે લોકો ચેટજીપીટીને આત્મહત્યા કેવી રીતે કરવી તે અંગે સવાલો કરી રહ્યા છે. જાણકારોના મતે લોકો માત્ર કામ માટે નહીં પણ માનસિક સ્થિતિથી કંટાળીને જીવન ટુંકાવા માટે પણ આવા ટુલ્સનો ઉપયોગ કરવા લાગ્યા છે તે ખૂબ જ જોખમી છે. એક તરફ લોકો એઆઈટુલ્સ અને ચેટબોટ્સને પોતાના સાથી માનતા હોય છે, મિત્ર માનતા હોય છે. તેઓ સામાન્ય માણસો કરતા ચેટબોટ્સની વાતો વધુ માનતા હોય છે. તેમાં હવે આત્મહત્યા માટે આવા ચેટબોટ્સ અને એઆઈ માધ્યમોનો ઉપયોગ થવા લાગે તો તે વધારે જોખમી સાબિત થાય તેમ છે.

આ અંગે લગભગ બે દાયકા પહેલાનો એક અભ્યાસ જણાવે છે કે, વ્યક્તિ જ્યારે એકલી હોય છે ત્યારે તેની સાથેના પ્રાણીઓ, મશિનો, વસ્તુઓ વગેરેને જીવીત માનીને તેની સાથે વાતો કરે છે, તેની એકલતાને દૂર કરવા પ્રયાસ કરે છે. લોકો આ રીતે પોતાનું દુઃખ દૂર કરવા પ્રયાસ કરે છે પણ હકિકતે તેઓ વધારે દુઃખી થતા હોય છે. તે આ રીતે એક હ્યુમન કનેક્શન શોધવા અને સ્થાપિત કરવા મથતા હોય છે. આ દરમિયાન સોશિયલ મીડિયાનો અધધ ઉપયોગ થવા લાગ્યો. તેના થકી લોકોએ ચેટબોટ્સને પોતાના સાથી અને મિત્રો ગણાવ્યા. હવે તેઓ આ સાથીઓને જ સવાલ કરીને આત્મહત્યાના રસ્તા શોધી રહ્યા છે.

જાણકારો માને છે કે, દર અઠવાડિયે ચેટજીપીટીનો ઉપયોગ કરનારા ૮૦ કરોડ લોકોમાંથી ૧૦ લાખ લોકો આત્મહત્યા કરવાના રસ્તા શોધવા માટે એઆઈ સાથે વાત કરતા હોય છે. આમ જોવા જઈએ તો આ આંકડો ભલે નાનો લાગે પણ હકિકતે આ દુનિયાભરના લાખો લોકોની માનસિકતાને વ્યક્ત કરે છે. દુનિયામાં આટલા બધા લોકો છે જે માત્ર એક જ માધ્યમ ઉપર પોતાના એકલતા, માનસિક વેદના અથવા તો મુશ્કેલીથી મુક્તિ મેળવવા આત્મહત્યાનો વિચાર વ્યક્ત કરી રહ્યા છે. દુનિયાભરમાં આવા અઢળક ચેટબોટ્સ અને એઆઈ ટુલ્સ છે જેનો ઉપયોગ લોકો દ્વારા કરવામાં આવે છે. હવે વિચારીએ તો કેટલી મોટી સંખ્યામાં લોકો દરરોજ આત્મહત્યાના રસ્તા શોધવા એઆઈનો ઉપયોગ કરતા હશે. આ આંકડો અને આ વિચાર સમાજ માટે ભય ઊભો કરનારો અને ચિંતા જન્માવનારો છે.

જાણકારોમાં ચર્ચા છે કે, એઆઈ ટુલ્સ કેવી રીતે માનસિક સ્વાસ્થ્ય માટે, સ્ટ્રેસ માટે, નિરાશા માટે કે હતાશાજનક સ્થિતિ માટે મદદ કરી શકે. કોઈપણ જાતના નુકસાન કે આડ અસર વગરના રસ્તા કેવી રીતે એક મશિન અથવા તો એઆઈ ટુલ્સ દ્વારા સુચવી શકાય છે. કંપનીનો દાવો છે કે, દર અઠવાડિયે એઆઈ ટુલ ૮૦ કરોડ લોકો સાથે એક સાથી મિત્રની જેમ વાતો કરે છે, ચર્ચા કરે છે, સલાહ આપે છે અને બીજી ઘણી કામગીરી કરે છે. આ ટુલ્સ લોકોની માનસિક મુશ્કેલીઓનો ઉકેલ આપે છે.

લોકો એઆઈ સાથે તેમની મુશ્કેલીઓની ચર્ચા કરે છે, મદદ માગે છે અને અલગ અલગ મુદ્દે સમસ્યામાંથી બહાર આવવાના રસ્તા પણ શોધે છે. સંશોધકો દાવો કરે છે કે, એઆઈ ટુલ્સના જૂના મોડલ્સ દ્વારા મોટાભાગે અવિચારી સલાહ સુચનો આપવામાં આવતા હતા પણ હવે નવી પેઢીના ટુલ્સ ખૂબ જ ડેવલપ્ડ છે. તેઓ અપડેટેડ છે અને તેઓ સહાનુભુતી સાથે લોકોને ઉપાય સુચવે છે.

બીજી તરફ જાણકારો અને મનોવૈજ્ઞાનિકો માને છે કે, એઆઈ ટુલ્સ ઉપર ભાવનાત્મક આધાર રાખવો ખૂબ જ જોખમી છે. માણસો જ્યારે સાધન ઉપર આધાર રાખતો થઈ જાય છે ત્યારે સામાજિક રીતે અને વ્યવહારિક રીતે પણ જોખમ ઊભું થાય છે. ઘણા કિસ્સામાં અવિચારી અને બિનવ્યવહારુ સલાહ આપવામાં આવે છે જે માણસ માટે જીવનમરણનો સવાલ ઊભો કરનારી બની જતી હોય છે. વૈશ્વિક સ્તરે જ્યારે આત્મહત્યા અંગે સંશોધન કરવામાં આવ્યું તો તેનો અહેવાલ પણ ચિંતાજનક જ આવ્યો છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પ્રમાણે દર વર્ષે ૭.૪ લાખ કરતા વધારે લોકો આત્મહત્યા કરે છે. તેનો અર્થ એ થયો કે, દર સેકન્ડ એક વ્યક્તિનું આત્મહત્યાના કારણે મોત થાય છે. ૨૦૨૧ બાદ વૈશ્વિક સ્તરે આત્મહત્યા વધી હતી. તાજેતરમાં તેનો દર થોડો ઓછો થયો છે. હાલમાં ૧ લાખ લોકોએ ૮.૯ની સરેરાશ છે. તેમાં પણ ૧૫ વર્ષથી ૨૯ વર્ષના યુવાનોની મૃત્યુમાં ત્રીજું સૌથી મોટું કારણ આત્મહત્યા છે. ભારતમાં તો સ્થિતિ તેના કરતા પણ વધારે ગંભીર છે.

ભારતની વાત કરીએ તો થોડા સમય પહેલાં જ આવેલા એનસીઆરબીના ડેટાએ જણાવ્યું કે, ભારતમાં આત્મહત્યાનું પ્રમાણ વધારે છે. એનસીઆરબીના ૨૦૨૩ના ડેટા પ્રમાણે દેશમાં ૧.૭૧ લાખ લોકોએ આત્મહત્યા કરી હતી. જે ૨૦૧૩ની સરખામણીએ ૨૭ ટકા વધારે હતી. આત્મહત્યાનો દર હવે ૧ લાખે ૧૦.૪ થઈ ગયો છે જે આંતરરાષ્ટ્રીય દર કરતા ઘણો વધારે છે.

બીજી તરફ આ અહેવાલમાં એવું પણ સામે આવ્યું છે કે, વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનો દર ૬૫ ટકા વધ્યો છે. જાણકારોના મતે કોરોના પછી તણાવ, બેરોજગારી, આર્થિક તંગી અને ખાસ કરીને સોશિયલ મીડિયાના વળગણે લોકોની સ્થિતિ ખરાબ કરી નાખી છે. લોકો પોતાના લાગણીઓ ઉપર કાબુ ગુમાવી રહ્યા છે અને આત્મહત્યા કરી રહ્યા છે. આ ઉપરાંત લાગણીઓની સમસ્યાઓ માટે ચેટબોટ્સનો ઉપયોગ કરવા લાગ્યા છે. તેઓ તેને સિક્રેટ ફ્રેન્ડ માને છે અને તેની સાથે ગમે તે ચર્ચા-વિચારણા કરીને અમલમાં મુકે છે. તેના કારણે સ્થિતિ વધારે ભયાનક થઈ રહી છે.

ઘણા કિસ્સામાં ચેટબોટ્સ અને એઆઈ ટુલ્સની મદદથી લોકોએ આત્મહત્યાના રસ્તા શોધીને આત્મહત્યા કર્યાનું અને સોશિયલ મીડિયા ઉપર લાઈવ થઈને પણ આત્મહત્યા કરી હોવાના કિસ્સા વધી ગયા છે. જાણકારોએ એવું પણ જણાવ્યું કે, આત્મહત્યાના કિસ્સાની વાત કરીએ તો મહિલાઓ કરતા પુરુષોની આત્મહત્યામાં મોટો વધારે જોવા મળ્યો છે. પુરુષોની આત્મહત્યાની સંખ્યા મહિલાઓ કરતા બમણી છે. બીજી તરફ મહિલાઓ સોશિયલ મીડિયા અને એઆઈ ટુલ્સ ઉપર વધારે મદદ માગતી હોય છે જ્યારે પુરુષો માનસિક રીતે મજબૂત હોવાનો દેખાવો કરે છે પણ અંતે થાકીને આત્મહત્યા વધારે કરી લેતા હોય છે. ભારતમાં આત્મહત્યાના કિસ્સામાં ૭૦ ટકા પુરુષો હોય છે. બીજી તરફ મહિલાઓમાં માનસિક સમસ્યા અને નિરાશાના કિસ્સા ૪૦ ટકા છે. સંશોધકોએ જણાવ્યું કે, રાત્રે ૧૨ વાગ્યાથી સવારે ૪ વાગ્યાની વચ્ચે લોકો દ્વારા સૌથી વધારે આત્મઘાતી વિચારો કરવામાં આવતા હોય છે. એકલતા અને મનોવ્યથાના કારણે તેઓ ચિંતિત હોય છે અને આત્મહત્યાના રસ્તા વધારે શોધતા હોય છે. થોડા દિવસ પહેલાં આવેલા એક અહેવાલો જણાવ્યું કે, સર્ચ એન્જિન ઉપર પણ સ્યુસાઈડલ થોટ્સ વિશે સર્ફિંગ અને સર્ચિંગ કરવાના કિસ્સામાં ત્રણ ગણો વધારે થયો છે.

સંશોધકોએ જણાવ્યું કે, લોકોને એકલતાનો અનુભવ વધારે થઈ રહ્યો છે અને તેના કારણે તેઓ એઆઈ ટુલ્સ અને ચેટબોટ્સને સાથી બનાવતા થઈ ગયા છે. તે ઉપરાંત દરેક પાસે હાલમાં સ્માર્ટફોન, સ્માર્ટ ગેજેટ્સ મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે. તેઓ ગમે ત્યારે સરળતાથી ઓનલાઈન માધ્યમો, ચેટબોટ્સ અને એઆઈટુલ્સનો ઉપયોગ કરી શકે છે.

**આસિયાન દેશો અને ચીન વચ્ચે 771 અબજ ડોલરનો વાર્ષિક વેપાર થાય છે. ફ્રી ટ્રેડ કરારથી આ વેપાર વધીને 1,000 અબજ ડોલરે પહોંચાડવાની ચીનની ગણતરી છે**

# નવા વેપાર કરારથી ચીનને આસિયાન દેશોનું માર્કેટ મળ્યું

**એસોસિએશન ઓફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ. આ સંગઠનનું ટૂંકું નામ ASEAN એવું થાય છે, પરંતુ ભારતમાં એ આસિયાનથી ઓળખાય છે. આ આસિયાન સંગઠન એટલે નામ પ્રમાણે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોનો સમૂહ. સંગઠનમાં 11 દેશો સભ્ય છે. આર્થિક, સામાજિક આદાનપ્રદાન માટે છેક 1961થી આ દેશો વચ્ચે સહયોગ વધારવા માટે સંગઠન બનાવવાની વાટાઘાટો ચાલતી હતી**



એસોસિએશન ઓફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ. આ સંગઠનનું ટૂંકું નામ ASEAN એવું થાય છે, પરંતુ ભારતમાં એ આસિયાનથી ઓળખાય છે. આ આસિયાન સંગઠન એટલે નામ પ્રમાણે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોનો સમૂહ. સંગઠનમાં 11 દેશો સભ્ય છે. આર્થિક, સામાજિક આદાનપ્રદાન માટે છેક 1961થી આ દેશો વચ્ચે સહયોગ વધારવા માટે સંગઠન બનાવવાની વાટાઘાટો ચાલતી હતી. પાંચ-સાત વર્ષના ફ્રેમવર્ક બાદ 1967માં ઈન્ડોનેશિયા, મલેશિયા, સિંગાપોર, ફિલિપાઈન્સ, સિંગાપોર અને થાઈલેન્ડના વિદેશ મંત્રીઓ વચ્ચે સંગઠન બનાવવાના હસ્તાક્ષર થયા હતા. ત્યારથી આ દેશો વચ્ચે આર્થિક-સાંસ્કૃતિક સહયોગ શરૂ થયો હતો. આસિયાન દેશોની કુલ વસતિ ૬૦ કરોડથી વધુ છે. બુરનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાંમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ, તિમોર અને વિએટનામ - આ ૧૧ દેશોની સંયુક્ત જીડીપી ૧૦.૨ ટ્રિલિયન ડોલર છે અને ગ્લોબલ જીડીપીમાં એ હિસ્સો ૬.૫ ટકા જેવો થાય છે. આ દેશોના નાગરિકોની ખરીદશક્તિ સતત વધી રહી છે. નવી પ્રોડક્ટ્સ માટે માર્કેટમાં તકો સર્જાઈ રહી છે અને તેના પર ઘણા દેશોની નજર છે. અમેરિકાથી લઈને યુરોપિયન સંઘ, ચીન લઈને ભારત સુધી સૌ આ દેશો સાથે વિવિધ કરારો કરીને દ્વિપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવાની કોશિશમાં છે. એમાં સૌથી નજીકની હરીફાઈ હતી - ચીન અને ભારત વચ્ચે.

ભારત-ચીનને આ દેશો સાથે સદીઓથી સંબંધ છે. એમાંથી ઘણા દેશો સાથે ભારતને તો ઘણાં સાથે ચીનને સાંસ્કૃતિક આદાન-પ્રદાનનો ઈતિહાસ રહ્યો છે. અમુક દેશોની સંસ્કૃતિમાં આ બંને દેશોનો ગાઢ પ્રભાવ વર્તાયો છે. એની સીધી અસર દ્વિપક્ષીય સંબંધોમાં થવી સ્વાભાવિક છે. એટલે જ ભારત-ચીનના આસિયાન દેશો સાથે વિવિધ કરારો થયા છે. આસિયાન સમિટના ભાગરૂપે બધા દેશો સાથે સંયુક્ત રીતે કરારો થતાં રહે છે. સંગઠનના સભ્ય દેશોને દ્વિપક્ષીય કરારથી પણ જોડીને આર્થિક આદાન-પ્રદાનનો માર્ગ મોકળો બનાવાય છે. બધાં સંગઠનો-દેશો આસિયાનની ખરીદશક્તિને ધ્યાનમાં રાખીને માર્કેટમાં જગ્યા બનાવવાની કોશિશમાં છે એમાંથી અત્યારે ચીને મેદાન મારી લીધું છે.

ભારત-આસિયાનનો વાર્ષિક વેપાર ૧૨૩ અબજ ડોલર છે. એમાં કેમિકલ, ખનીજતેલ, મશીનરી, ઈલેક્ટ્રોનિક્સનો વેપાર મુખ્ય છે. આસિયાન દેશોના ભારત સાથેના વેપારમાં બધા દેશોનો એટલો હિસ્સો નથી. જેમ કે, સિંગાપોર-ભારત વચ્ચે ૩૫ અબજ ડોલરનો વેપાર છે. આસિયાન દેશોમા સિંગાપોર સૌથી મોટું ટ્રેડ પાર્ટનર છે. મ્યાંમાર જેવા દેશો સાથે ભારતનો વેપાર માત્ર બે અબજ ડોલરનો જ છે. તેની સામે ચીન-આસિયાનનો વાર્ષિક વેપાર ૭૭૧ અબજ ડોલરની ઊંચાઈએ પહોંચ્યો છે. ચીને જેમ દુનિયાભરના માર્કેટમાં વોચ ગોઠવીને તક મળી એમ ગોઠવાઈ જવાનું વલણ દેખાયું, અદ્દલ એવું જ આસિયાનના કેસમાં કર્યું. આસિયાન સમિટમાં ચીન-ભારત-આસ્ટ્રેલિયા-જાપાન વગેરેને ખાસ આમંત્રણ આપવામાં આવે છે. આ દેશો સાથે સમજૂતી થાય છે. તેના ભાગરૂપે અગાઉ ચીને આસિયાન સમિટમાં ભાગ લઈને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યો હતો. એવા કરારો અત્યાર સુધીમાં ચીને બે વખત કર્યા અને તેનો સીધો ફાયદો મળ્યો હોય એમ આસિયાન-ચીનનો દ્વિપક્ષીય વેપાર એકધારો વધી રહ્યો છે.

૨૦૨૦ પછી જ્યારે કોરોના મહામારી ચીનમાંથી ફેલાઈ હોવાના આરોપમાં યુરોપના દેશોમાં ચીનની અમુક પ્રોડક્ટ પર પ્રતિબંધ મૂકાયો હતો ત્યારે ચીને વૈકલ્પિક માર્કેટની તલાશ આદરી હતી અને તે વખતે જ આસિયાનના વિકાસશીલ માર્કેટ પર ચીનની નજર ઠરી હતી. ચીને એક પછી એક કરારો કરીને આસિયાનને પોતાના પોકેટમાં મૂકી દીધું હતું. પરિણામ એ આવ્યું કે ૨૦૨૦ પછી ચીન આસિયાન દેશોનું સૌથી મોટું ટ્રેડ પાર્ટનર છે.

વેપારના સંદર્ભમાં આપણે વારંવાર એક વાક્ય સાંભળતા-બોલતા હોઈએ છીએ - માર્કેટ હવે ઓપન થઈ ગયું છે. આ જ વાત વૈશ્વિક વેપારમાં પણ એટલી જ લાગુ પડે છે. કોઈ દેશ વેપાર માટે સમજૂતી કરે ત્યારે પોતાનો ફાયદો પહેલાં જુએ છે. તેની સામે કેટલા વિકલ્પો છે એ પણ તપાસે છે. ચીન સાથે કરાર કરે ત્યારે અમેરિકા પાસેથી શું મળે તેમ છે એનો વિચાર ન થાય એ શક્ય નથી. એ વાત ચીન જાણતું જ હોય. પરિણામે ચીને માત્ર વેપારી કરાર તરફ ધ્યાન આપવાને બદલે આસિયાન દેશોમાં રોકાણ પણ વધાર્યું. છેલ્લાં બે જ વર્ષમાં ચીનનું આસિયાન દેશોમાં રોકાણ ૩૪.૭ ટકા વધ્યું છે. ૨૦૨૫ની શરૂઆતમાં આસિયાન દેશોમાં ચીનની સરકારી-ખાનગી કંપનીઓનું રોકાણ ૨૫ અબજ ડોલર હતું અને વર્ષના અંતે એ રોકાણ વધીને ૩૦ અબજ ડોલરે પહોંચી જશે. જેમ રોકાણ વધ્યું છે એમ વેપાર વધ્યો છે. વાર્ષિક આઠથી દસ ટકાના દરે બંને પક્ષે વેપાર વધ્યો છે. ચીને બે વખત ફ્રી ટ્રેડ કરાર કર્યો હતો અને હવે તાજેતરમાં ફરીથી ફ્રી ટ્રેડ કરારની જોગવાઈઓ અપડેટ કરીને મેદાન માર્યું છે. આ વર્ષની આસિયાન સમિટનું મલેશિયામાં આયોજન થયું હતું. ચીને એ વખતે ફ્રી ટ્રેડ કરારમાં સુધારા કરીને દ્વિપક્ષીય વેપારને વધારે અનુકૂળ બનાવ્યો. ચીન પર અત્યારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૦૦ ટકા ટેરિફ લગાડયો છે. ટ્રમ્પ અને ચીનના પ્રમુખ જિનપિંગ વચ્ચે ટૂંક સમયમાં બેઠક યોજાય એવીય શક્યતા છે અને એમાં કદાચ ટેરિફ ઘટવાની જાહેરાત થાય તો નવાઈ નહીં, કારણ કે ટેરિફથી અમેરિકાના અર્થતંત્રને પણ ફટકો પડી રહ્યો છે એટલે ટ્રમ્પ થોડું નરમ વલણ બતાવશે એવી અટકળો છે. એ મીટિંગ પહેલાં જ કુઆલાલમ્પુરમાં ચીન-આસિયાન દેશો વચ્ચે ફ્રી ટ્રેડ કરાર થયો તેનાથી ચીન મજબૂત સ્થિતિમાં આવી જશે. ૬૦ કરોડની વસતિ ધરાવતા આ સંગઠનના દેશોનું માર્કેટ મળે તો અમેરિકાના ટ્રેડવોર સામે ટક્કર આપવા માટે ચીનને બળ મળે. આ દેશો તુરંત અમેરિકાના ટ્રેડનો વિકલ્પ બની શકે નહીં. અમેરિકનોની ખરીદશક્તિ અને આસિયાનની ખરીદશક્તિમાં એન્ડ્રોઈડ-એપલનો ફરક છે, પરંતુ ચીન આ કરારના ભરોસે એક હજાર અબજના દ્વિપક્ષીય વેપારે પહોંચી જાય તો અમેરિકન માર્કેટની અડધી ઘટ આસિયાનમાં સરભર થઈ જાય. આ ગણતરી પાર ઉતરશે તો એ ચીનની કૂટનીતિની સફળતા ગણાશે.

કદાચ એટલે જ આસિયાન સમિટમાં ચીન-આસિયાનના ફ્રી ટ્રેડ કરાર પછી ઘણાં એક્સપર્ટ્સે એમ પણ કહ્યું કે ભારત પાસે અમેરિકન માર્કેટનો વિકલ્પ તલાશવાની ઉજળી તક હતી, પરંતુ એ તક ચીને ભારતના હાથમાંથી આંચકી લીધી. ભારત-આસિયાનનો દ્વિપક્ષીય વેપાર સાવ ઓછો નથી, પરંતુ એ સ્થિર થયેલો છે. ૨૦૧૩માં ભારત ટોટલ નિકાસની ૯.૮ ટકા નિકાસ આસિયાનમાં કરતું હતું અને કુલ આયાતની ૯.૯ ટકા આયાત આ દેશોમાંથી થતી હતી. ૧૨-૧૩ વર્ષ પછી હજુય એ સ્થિતિમાં ખાસ ફરક પડયો નથી. ચીનની સરખામણીએ ભારતના વેપારની વૃદ્ધિ થઈ નથી. એ દૃષ્ટિએ ચીને મેદાન મારી લીધું છે.

# માહીએ જય ભાનુશાળી સાથે છૂટાછેડાની ચર્ચા ફગાવી દીધી



ટીવી એક્ટ્રેસ માહી વિજે તે એક્ટર પતિ જય ભાનુશાળી સાથે છૂટાછેડા લઈ રહી હોવાની અફવા ફગાવી દીધી છે. જય અને માહી છૂટાછેડા લઈ રહ્યાં છે તેવી એક ઈન્સ્ટા પોસ્ટ પર રિએક્ટ કરતાં માહીએ લખ્યું હતું કે ખોટી વાતો ન ફેલાવશો. આવી અફવા ફેલાવનારા સામે હું કાનૂની કાર્યવાહી કરીશ. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં એવી વાત બહાર આવી હતી કે ૧૪ વર્ષનાં લગ્ન જીવન બાદ માહી અને જય છૂટાછેડા લેવાનાં છે. બંને કેટલાક સમયથી અલગ રહે છે અને તેમના સંતાનોની કસ્ટડીનો નિર્ણય પણ લેવાઈ ગયો છે. દરમિયાન, માહીએ આ અફવાઓ ફગાવી દીધા બાદ નેટ યૂઝર્સ દ્વારા એવું રિએક્શન અપાયું હતું કે જો છૂટાછેડાની વાત ખોટી હોય તો છેલ્લા કેટલાય સમયથી જય અને માહી સાથે હોય તેવા ફોટા કેમ જોવા મળતા નથી.

# અગત્સ્યની ‘ઇક્કિસ’નું ટ્રેલર જોઈને નાના અમિતાભ ભાવુક થયા

**અગત્સ્ય નંદા ફિલ્મમાં દેશના સૌથી નાની ઉંમરના પરમ વીર ચક્ર પુરસ્કૃત સેકન્ડ સેફ્ટન્ટ અરુણ ખેતરપાલનો રોલ કરતો જોવા મળશે**

અમિતાભ બચ્ચનના દોહિત્ર અગત્સ્ય નંદાની ફિલ્મ ‘ઈક્કિસ’નું ટ્રેલર લોંચ થયું છે, તે જોઈ તેના નાના અમિતાભ બચ્ચન ભાવુક થઈ ગયા છે, તેમણે એક ભાવુક પોસ્ટ લખી છે. પોતાના બ્લોગમાં અમિતાભ બચ્ચને લખ્યું છે કે, પહેલાં અગત્સ્ય નાનો હતો તો મારી દાઢી સાથે રમતો હતો અને હવે તે “થિએટરમાં દુનિયાભરમાં રમશે.” તેમણે અમિતાભને શુભેચ્છાઓ પણ આપી કે, “તું પરિવારને ગૌરવ અપાવે એવી શુભેચ્છાઓ. ”અમિતાભ બચ્ચને બ્લોગમાં લખ્યું, “અગત્સ્ય! તું જન્મ્યો કે તરત જ મેં તને મારા હાથમાં ઉઠાવી લીધો હતો... થોડા મહિનાઓ પછી ફરી મેં તને હાથમાં લીધો અને તારી નાજુક આંગળીઓ મારી દાઢીથી રમવા ઉપર પહોંચી જતી હતી. આજે હવે તું દુનિયા ભરના થિએટરમાં રમીશ...”આગળ તેમણે લખ્યું, “તું ખાસ છે.. તારા માટે મારી બધી જ પ્રાર્થનાઓ અને આશીર્વાદ..તું તારા કામથી ચમકે અને પરિવાર માટે ગૌરવ લઈને આવે.”શ્રી રામ રાઘવનની યુદ્ધ આધારીત ફિલ્મ ‘ઈક્કિસ’નું ટ્રેલર બુધવારે લોંચ થયું છે અને અગત્સ્ય નંદા તેમાં દેશના સૌથી નાની ઉમરના પરમ વીર ચક્ર પુરસ્કૃત સેકન્ડ સેફ્ટન્ટ અરુણ ખેતરપાલનો રોલ કરે છે. તેમણે માત્ર ૨૧ વર્ષની ઉંમરે ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભાગ લીધો હતો. આ ટ્રેલરમાં આ યોદ્ધાના જીવનની ઝલક જોવા મળે છે, જેમાં તેમના નેશનલ ડિફેન્સ એકેડેમીના દિવસોથી લઈને તેમના દેશ માટેની દૃઢ નિશ્ચય અને હિંમતની વાત કરવામાં આવી છે. નિશ્ચયી અરુણનો રોલ કરતો અગત્સ્ય પોતાની રેજિમેન્ટ માટે પરમ વીર ચક્ર મેળવવાની પ્રતિજ્ઞા લે છે. આગળ ટ્રેલરમાં અરુણની એનડીએમાં સઘન તાલીમ જોવા મળે છે, ત્યાર પછી તે ભારત-પાકિસ્તાન યુદ્ધમાં જોડાય છે. આ ટ્રેલરની સાથે ફિલ્મમાં અગત્સ્ય અને સિમર ભાટીયા વચ્ચેની લવ સ્ટોરી પણ દર્શાવાઈ છે. આ ફિલ્મમાં ધર્મેન્દ્ર અરુણ ખેતરપાલના પિતાના રોલમાં જોવા મળશે જ્યારે જયદીપ આહલાવત પણ એક આર્મી ઓફિસરના રોલમાં જોવા મળશે.





## દુનિયામાં સરહદો ન હોવી જોઈએ : દિલજીત

# ઓસ્ટ્રેલિયામાં કરાયેલી રેસિસ્ટ કોમેન્ટ મામલે દિલજીત દોસાંઝનું દર્દ છલકાયું

સિંગર અને એક્ટર દિલજીત દોસાંઝ પોતાની નવી આલ્બમ AURA માટે વર્લ્ડ ટૂર પર છે. સિડની કોન્સર્ટ શરૂ થાય તે પહેલાં દિલજીતે બેકસ્ટેજ તૈયારીઓની ઝલક દેખાડી. એક્ટરે અહીં એક મોટો ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું કે, ઑસ્ટ્રેલિયામાં મારે રેસિસ્ટ કોમેન્ટનો સામનો કરવો પડ્યો છે. કેટલાક લોકોએ મને ‘કેબ ડ્રાઈવર’ કહીને બોલાવ્યો હતો. એક યુટ્યુબ વીડિયોમાં દિલજીતે જણાવ્યું કે, હું જ્યારે ઑસ્ટ્રેલિયા પહોંચ્યો ત્યારે પાપારાઝીઓએ મને ક્લિક કરવાનું શરૂ કરી દીધું. જ્યારે તેમણે ફોટા શેર કર્યા ત્યારે લોકોએ રેસિસ્ટ કોમેન્ટ કરી. કેટલીક એજન્સીઓએ રિપોર્ટ કર્યો કે, હું ઑસ્ટ્રેલિયા આવી ગયો છું. કોઈકે મને તે પોસ્ટ્સ પર કરેલી કોમેન્ટ્સ મોકલી. તેમાં લોકો કહી રહ્યા હતા કે, ‘નવો ઉબેર ડ્રાઈવર આવી ગયો,’ અથવા ‘નવો 7-11 કર્મચારી આવી ગયો છે.’ મેં આવી ઘણી રેસિસ્ટ કોમેન્ટ જોઈ. મારું માનવું છે કે દુનિયા એક હોવી જોઈએ અને કોઈ પ્રકારની સરહદ ન હોવી જોઈએ. દિલજીતે કહ્યું કે, કેબ ડ્રાઈવર સાથે મારી તુલના કરવા પર મને કોઈ વાંધો નથી, કારણ કે આ લોકો દેશના કામકાજને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મારી કેબ ડ્રાઈવર અથવા ટ્રક ડ્રાઈવર સાથે તુલના કરવા પર મને કોઈ વાંધો નથી. જો ટ્રક ડ્રાઈવર ન હોત તો આપણા ઘરે ખોરાક ન પહોંચત. હું ગુસ્સે નથી અને જે લોકો આવી વાતો કરે છે તેમના પ્રત્યે પણ મારા મનમાં પ્રેમ છે. દિલજીતનો આ વીડિયો જોઈને ચાહકો ભાવુક થઈ ગયા. ચાહકોએ એક્ટરને સપોર્ટ કર્યો છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો દિલજીત પંજાબીથી લઈને હિન્દી ફિલ્મોમાં છવાઈ ગયો છે. તે તાજેતરમાં પંજાબી ફિલ્મ સરદાર જી 3 અને હિન્દી ફિલ્મ ડિટેક્ટીવ શેરદિલમાં નજર આવ્યો હતો. તેની ફિલ્મ સરદાર જી 3 એ ઘણો હોબાળો થયો હતો. આ ફિલ્મમાં પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિરની કાસ્ટિંગ પર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. આ ફિલ્મ હજુ સુધી ભારતમાં રિલીઝ નથી થઈ, પરંતુ વિદેશમાં રિલીઝ થઈ ચૂકી છે.દિલજીતની અપકમિંગ ફિલ્મોમાં બોર્ડર 2 સામેલ છે. આ ફિલ્મમાં દિલજીત સાથે સની દેઓલ, વરુણ ધવન અને અહાન શેટ્ટી છે.



## મેકર્સે ફિલ્મ હિન્દીમાં પણ ડબ કરી છે

# ‘વશ લેવલ ૨’ના હિન્દી વર્ઝન માટે OTT પ્લેટફોર્મે ઐતિહાસિક ૩.૫ કરોડ ચૂકવ્યા

**એક અઠવાડિયા પહેલાં ગુજરાતી ફિલ્મ ‘વશ લેવલ ૨’ અને તેનું હિન્દીમાં ડબ થયેલું વર્ઝન ‘વશ વિવશ લેવલ ૨’ નેટફ્લિક્સ પર રિલીઝ કરાયા હતા**

એક અઠવાડિયા પહેલાં ગુજરાતી ફિલ્મ ‘વશ લેવલ ૨’ અને તેનું હિન્દીમાં ડબ થયેલું વર્ઝન ‘વશ વિવશ લેવલ ૨’ ૨૨ ઓક્ટોબરે નેટફિલક્સ પર રિલીઝ કરવામાં આવ્યા છે. કોઈ ગુજરાતી ફિલ્મ નેટફિલક્સ પર રિલીઝ થઈ હોય એવી આ પહેલી ઘટના છે. એટલું જ નહીં, આ ફિલ્મ આ પ્લેટફોર્મ પર ઐતિહાસિક વળતર સાથે સ્ટ્રીમ થઈ રહી છે. સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, “નેટફિલક્સે વશ લેવલ ૨ અને વશ વિવશ લેવલ ૨ માટે ૩.૫૦ કરોડ જેવી મોટી રકમ ચુકવી છે. કોઈ ઓટીટી પ્લેટફોર્મે કોઈ ગુજરાતી ફિલ્મ માટે ચુકવેલી આ સૌથી મોટી રકમ છે.”સુત્રએ આગળ જણાવ્યું, “વશ લેવલ ૨ અને વશ વિવશ લેવલ ૨ થિએટરમાં પણ ઘણી સારી ચાલી હતી, કારણ કે આ ફિલ્મ ઘણી સારી બનાવાઈ છે. મેકર્સે આ ફિલ્મ હિન્દીમાં પણ ડબ કરી છે. તે પણ સિનેમામાં સારી ચાલી છે. તેનાથી નેટફિલક્સને પ્રેરણા મળી કે તેઓ નોન ગુજરાતી ઓડિયન્સને પણ આ ફિલ્મ જોવાની તક મળવી જોઈએ. ત્રીજું કે આ એક અલૌકિક દુનિયાની વાત કરતી ફિલ્મ છે, આ પ્રકારની ફિલ્મ વિશ્વમાં દરેકને આકર્ષે છે.”સુત્રએ આગળ જણાવ્યું, “એક કારણ એવું પણ છે કે આ લોકપ્રિય સિરીઝની ફિલ્મ છે. ૨૦૨૩માં આવેલી પહેલી વશની હિન્દી રીમેક શૈતાનમાં અજય દેવગન, આર માધવન અને જ્યોતિકા મહત્વના રોલમાં હતા. આ ફિલ્મ ૨૦૨૪માં આવી હતી અને તે પણ સફળ રહી હતી.




## ફિલ્મની વિરુદ્ધમાં બે પીઆઈએલ થઈ

# અમે ક્યારેય હિન્દુ-મુસ્લિમનો વિવાદ ઊભો કરવા માગતા નહોતા : પરેશ રાવલ



**આ અરજીઓમાં ફિલ્મ પર પ્રતિબંધ અને સેન્સર બોર્ડ દ્વારા તેને અપાયેલા સર્ટિફિકેટ પર પુનઃવિચારણા કરવા માગ કરાઈ**

પરેશ રાવલની ફિલ્મ ‘ધ તાજ સ્ટોરી’ ટૂંક સમયમાં રિલીઝ થઈ રહી છે, તે પહેલાં આ ફિલ્મના કારણે એક વિવાદ ઊભો થયો છે. આ ફિલ્મની વિરુદ્ધમાં બે પીઆઈએલ થઈ છે. આ અરજીઓમાં ફિલ્મ પર પ્રતિબંધ અને સેન્સર બોર્ડ દ્વારા તેને અપાયેલા સર્ટિફિકેટ પર પુનઃવિચારણા કરવા માગ કરાઈ છે. આ અંગે મૌન તોડતાં હવે પરેશ રાવલે વિવાદ પર જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે આ ફિલ્મ કોઈ જ કોમવાદી વિચારધારાને પ્રોત્સાહન આપતી નથી.આ ફિલ્મને ભાજપના નેતાએ અયોધ્યામાં કાયદાકીય રીતે પડકારી છે, તેમનો દાવો છે કે તેમણે ૨૦૨૨માં હાઈ કોર્ટમાં કરેલી અરજીને આ ફિલ્મના વિષય તરીકે લેવામાં આવી છે. અન્ય એક પીઆઈએલમાં શકીલ અબ્બાસ દ્વારા માગણી કરવામાં આવી છે કે ફિલ્મને સેન્સર બોર્ડ દ્વારા આપવામાં આવેલા સર્ટિફિકેટ પર પુનઃવિચારણા કરવામાં આવે અને સર્ટિફિકેટમાં એવી ચેતાવણી મુકવામાં આવે કે ‘આ ફિલ્મ વિવાદાસ્પદ વાર્તા સાથે કામ લે છે અને તે ચોક્કસ ઐતિહાસિક વર્ણન હોવાનો દાવો કરતી નથી.’ જોકે, બુધવારે, દિલ્હી હાઈકોર્ટે આ ફિલ્મની અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં પરેશ રાવલ અને ઝાકીર હુસૈને આ વિવાદ અંગે ખુલાસો કરતા કહ્યું કે ફિલ્મ સઘન અભ્યાસના ધારે બની છે અને સમજને પ્રોત્સાહન આપે છે, ભાગલાને નહીં. પરેશ રાવલે કહ્યું, આ ફિલ્મમાં કશું જ હેંકી પેંકી નથી. તેમણે કહ્યું, “ડિરેક્ટર તુશારે ઘણું સારું રીસર્ચ કર્યુ છે. તેમણે દરેક સ્ત્રોતનો પણ ઉલ્લેખ કર્યો હતો અને મેં પણ દરેક બાબતની જાણકાર મિત્રો સાથે ખાતરી કરી હતી. શરૂઆતથી જ અમે નક્કી કર્યુ હતું કે આ ફિલ્મમાં કોઈ પ્રકારનો હિન્દુ-મુસ્લિમ વિખવાદ ન જોઈએ.”આગળ પરેશ રાવલે જણાવ્યું કે ફિલ્મમાં તકેદારીપૂર્વક ધ્રુવીકરણ ટાળવાનો પ્રયત્ન થયો છે. તેમણે જણાવ્યું, “ફિલ્મમાં એક ડાયલોગ પણ છે, જેમાં એક પાત્ર બોલે છે, “ભાઈ, આ તમે પત્રકારો છો જે દરેક વાતને હિન્દુ-મુસ્લિમ બનાવી દે છે. અહીં કોઈ હિન્દી-મુસ્લિમ વિવાદ નથી. આ તો આપણા સહિયારા ઈતિહાસની ફિલ્મ છે.”ફિલ્મમાં દર્શાવાયેલી આવી વધુ એક ઘટના અંગે પરેશ રાવલે કહ્યું, “જ્યારે કોઈ કહે છે, “આપણે આનું શું કરવું છે?” બીજો એક માણસ જવાબ આપે છે, “તોડી નાખ.” તો એક પાત્ર બોલે છે, “ના ભાઈ, આપણે વિનાશ કરવાવાળા લોકો નથી.

# ‘મરતાં પહેલા માએ પાણી માંગ્યું હતું, એ પણ ના આપી શક્યો’

**‘જોલી એલએલબી 3’ના અભિનેતા અરશદ વારસીએ રાજ શમાનીના પોડકાસ્ટમાં હાજરી આપી હતી**



કોઈ પણ વ્યક્તિના જીવનમાં માતા-પિતાનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે, પરંતુ અભિનેતા અરશદ વારસીને તેમનો સાથ લાંબો સમય ન મળ્યો. જ્યારે તે ફક્ત ૧૪ વર્ષનો હતો, ત્યારે તેના માતા-પિતાનું નિધન થઈ ગયું હતું. હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન, અભિનેતાએ આ બંનેને ગુમાવવા વિશે વાત કરી અને જણાવ્યું કે કેવી રીતે તેણે આખી દુનિયા સમક્ષ મજબૂત દેખાવાનો પ્રયાસ કર્યો હતો.‘જોલી એલએલબી ૩’ના અભિનેતા અરશદ વારસીએ રાજ શમાનીના પોડકાસ્ટમાં હાજરી આપી હતી. આ દરમિયાન, તેણે તેની કારકિર્દી, તેતી પત્ની અને બોલિવૂડમાં સફળતા મેળવતા પહેલાંના સંઘર્ષો વિશે વાત કરી. તેણે સ્વીકાર્યું કે તેને તેના પરિવાર સાથેની વધુ યાદો નથી, કેમ કે તેણે તેનું મોટા ભાગનું બાળપણ બોર્ડિંગ સ્કૂલમાં વિતાવ્યું હતું. તેણે કહ્યું, ‘હું ૮ વર્ષની ઉંમરે બોર્ડિંગ સ્કૂલ જતો રહ્યો હોવાથી, મારા બાળપણની વાત આવે ત્યારે મને મારા પરિવાર કરતાં મારી સ્કૂલની યાદો વધુ આવે છે.’પોતાની માતા વિશે વાત કરતાં અરશદ વારસીએ જણાવ્યું કે, ‘તેમની છેલ્લી યાદ એક ભયાનક યાદ છે, જે આજે પણ મને સતાવે છે. મને આજે પણ યાદ છે કે પિતાના નિધન બાદ મારા મમ્મીને કિડની ફેલ્યોર થયું હતું અને તેઓ ડાયાલિસિસ પર હતા. ’અભિનેતાએ આગળ જણાવ્યું કે, ‘મારા મમ્મી એક સાધારણ ગૃહિણી હતાં, જે ખૂબ જ સરસ જમવાનું બનાવતાં. તેમને કિડની ફેલ્યોર હોવાથી તેઓ ડાયાલિસિસ પર હતાં. ડોકટરોએ અમને તેમને પાણી આપવાની મનાઈ કરી હતી, તેમ છતાં તેઓ વારંવાર પાણી માંગી રહ્યાં હતાં. હું તેમને વારંવાર ના પાડતો રહ્યો. તેમનું નિધન થયું તે પહેલાંની રાત્રે, તેમણે મને બોલાવીને ફરીથી પાણી માંગ્યું. તે જ રાત્રે તેમનું નિધન થઈ ગયું અને આ વાત મને અંદરથી તોડી ગઈ.’અરશદ વારસીએ આ અંગે વધુમાં કહ્યું કે, ‘મારા અંદરનો એક ભાગ મને વારંવાર કહે છે કે જો મેં તેમને પાણી આપી દીધું હોત અને તે પછી તેમનું નિધન થઈ ગયું હોત, તો હું આખી જિંદગી એવું વિચારતો કે તેમનું મૃત્યુ એટલા માટે થયું કારણ કે મેં તેમને પાણી આપ્યું. જોકે હું એ વાત માટે આભારી છું કે, મારે જીવનભર આ અપરાધભાવ સહન કરવો ના પડ્યો. પરંતુ હવે વધુ વિચાર કરતા મને લાગે છે કે મારે મારા મમ્મીને ત્યારે પાણી આપી દેવું જોઈતું હતું. તે સમયે હું એક બાળક હતો અને હું ડોક્ટરની વાત માનવા માંગતો હતો. આજે હું તે નિર્ણય લઈ શકું છું અને હોસ્પિટલમાં છેલ્લો દિવસ વિતાવવાને બદલે મારા પરિવાર સાથે રહેવાનું પસંદ કરી શકું છું. આપણે બીમાર વ્યક્તિ વિશે ક્યારેય વિચારતા નથી, પરંતુ આપણા અપરાધભાવના આધારે નિર્ણયો લઈએ છીએ.’

## અમિતાભ શીખ વિરોધી હોવાનો આરોપ

# અમિતાભને પગે લાગનારા દિલજીતને ખાલિસ્તાની સંગઠનની ધમકી





**ખાલિસ્તાનીઓએ દિલજીતનાં આગામી તારીખ પહેલી નવેમ્બર ઓસ્ટ્રેલિયામાં યોજનારાં કોન્સર્ટમાં ધમાલ મચાવવાની ચિમકી આપી**

દિલજીત દોસાંઝ એક રિયાલિટી શોમાં અમિતાભ બચ્ચનને પગે પડતાં શીખ સંગઠનો તેનાથી નારાજ થઈ ગયાં છે. તેમણે દિલજીતનાં આગામી તારીખ પહેલી નવેમ્બર ઓસ્ટ્રેલિયામાં યોજનારાં કોન્સર્ટમાં ધમાલ મચાવવાની ચિમકી આપી છે. શીખ ફોર જસ્ટિસ નામનાં એક સંગઠનના દાવા અનુસાર અમિતાભે ૧૯૮૪નાં રમખાણો દરમિયાન શીખો વિરુદ્ધ ઉશ્કેરણી કરી હતી. તેને પગે લાગીને દિલજીતે આ રમખાણોના દરેક પીડિતોના પરિવારજનોનું અપમાન કર્યુ છે. પહેલી નવેમ્બરે જ શીખ કત્લેઆમ સ્મરણ દિન તરીકે ઉજવાય છે. આ દિવસે યોજાનારા દિલજીતના કોન્સર્ટનો બહિષ્કાર કરવાની સંગઠને હાકલ કરી છે. તેનાં ઈવેન્ટ સ્થળે રેલી સહિતનાં આયોજનોની પણ જાહેરાત કરાઈ છે.

## અમદાવાદ મંડળ પર રાષ્ટ્રીય એકતા દિવસના પ્રસંગે "રન ફોર યુનિટી" અને સત્યનિષ્ઠા ની પ્રતિજ્ઞાનું આયોજન






। (રેલ્વે) અમદાવાદ, તા.૩૧ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ પર ૩૧.૧૦.૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય એકતા દિવસના પ્રસંગે સ્વર્ગસ્થ સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ, ના અવસર પર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રિવરફ્રન્ટ ઉસ્માનપુરાથી રિવરફ્રન્ટ હાઉસ બિલ્ડીંગ સુધી "રન ફોર યુનિટી" પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું અને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે મંડળ કાર્યાલય, અમદાવાદ પરિસરમાં રેલ્વે અધિકારીઓ અને કર્મચારીઓને પ્રામાણિકતાના શપથ લેવડાવ્યા હતા. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ભ્રષ્ટાચાર મુક્ત ભારતના નિર્માણ માટે "રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા" જાળવવા, પરસ્પર ભાઈચારાને મજબૂત કરવા અને હંમેશા સત્યવાદી રહેવા માટે શપથ લેવડાવ્યા, તેમણે આપણા રોજિંદા કાર્યમાં પ્રામાણિકતા અને પારદર્શિતાના મૂલ્યો અપનાવવાનું આહ્વાન કર્યું.તેમણે કહ્યું કે પ્રામાણિકતા ફક્ત કાર્યસ્થળ સુધી મર્યાદિત ન હોવી જોઈએ પરંતુ આપણા જીવનનો અભિન્ન ભાગ બનવી જોઈએ. આપણા દેશને એકજૂટ, સુરક્ષિત અને વિકસિત રાખવા માટે આપણે દૈનિક જીવનમાં એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય સુરક્ષાના સિદ્ધાંતોને આત્મસાત કરવા જોઈએ. તેમણે તમામ ધર્મ, જાતિ અને સંપ્રદાયની વિવિધતા હોવા છતાં સામાજિક એકતા અને સાંપ્રદાયિક સદભાવ જાળવવા માટે સૌને વિનંતી કરી.

## રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સંદર્ભે વાહન વ્યવહાર પ્રતિબંધિત તથા ડાયવર્ઝન અંગેનું અમદાવાદ પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

। (માહિતી) અમદાવાદ, તા.૩૧ ।

હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ 'રાષ્ટ્રીય એકતા દિવસ' ની ઉજવણી અનુસંધાને માર્ચ રેલીનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :- અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ નવરંગપુરા વિસ્તારમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' ની ઉજવણી અનુસંધાને માર્ચ રેલીનું આયોજન કરવામાં આવનાર હોય જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે

વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ

લાડલી ત્રણ રસ્તા થઈ સરદાર પટેલ બાવલા ચાર રસ્તા થઈ મોહનલાલ મીઠાઈવાલા ત્રણ રસ્તા થઈ સ્ટેડીયમ સર્કલ થઈ ઈક્કમટેક્ષ અંડરપાસ થી ઈક્કમટેક્ષ ચાર રસ્તા સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.

વૈકલ્પિક માર્ગની વિગત

૧. સરદાર પટેલ બાવલા ચાર રસ્તા થઈ ઉસ્માનપુરા અંડરપાસ થઈ નાબાર્ડ ત્રણ રસ્તા થઈ ઉસ્માનપુરા ચાર રસ્તા થઈ ઈક્કમટેક્ષ ઓવરબ્રીજ થઈ બુટ્ટાસિંગ ચાર રસ્તા થઈ નવરંગપુરા રેલ્વે ક્રોસીંગ થઈ નવરંગપુરા ચાર રસ્તા થઈ સ્વસ્તિક ચાર રસ્તા થઈ સી.જી.રોડ તરફના માર્ગ પર અવર જવર કરી શકશે.

# જન્મ મરણનો અનેક વખત ત્રાસ ભોગવતો આ જીવ મનુષ્ય શરીરમાં આવ્યો છે એટલે મનુષ્યાવતાર મોંઘો છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે પહેલી નવેમ્બરે જોઇએ તો યાજ્ઞવલ્કય ઋષિએ સંન્યાસ ગ્રહણ કરવા નિશ્ચય કર્યો તેમણે પોતાની બંને પત્નીઓ મૈત્રેયી અને કાત્યાયનીને બોલાવીને કહ્યું મારે હવે સંન્યાસ લેવો છે.તમારી વચ્ચે ઝઘડો ન થાય એટલે સર્વ સંપત્તિ તમને બંનેને સરખે ભાગે વહેંચી આપું છું મૈત્રેયી બ્રહ્મ વાદીની હતી તેણે પૂછ્યું. આ ધનથી હું મોક્ષ પામી શકીશ? હું અમર થઈ શકીશ? યાજ્ઞવલ્ક્ય કહે, ધનથી કાંઈ મોક્ષ મળી શકે? ધનથી બીજા ભોગ પદાર્થો મળી શકે. એ વડે તમે આનંદથી જીવી શકશો! મૈત્રેયી કહે, જે ધનથી મોક્ષ ન મળે તે ધનને મારે શું કરવું છે? તમે સઘળું ધન કાત્યાયનીનેઆપો મૈત્રેયીને જિજ્ઞાસુ જાણીને યાજ્ઞ વલ્ક્ય તેને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું, હે મૈત્રેયી! માણસને ઘર, પુત્ર, સ્ત્રી આદિ જે પ્રિય લાગે છેતે પોતાના સુખ માટે, પોતાના સ્વાર્થને માટે પ્રિય લાગે છે. બાકી માણસને પ્રિયમાં પ્રિય તો આત્મા જ છે. પત્ની પતિને ચાહે છે,કારણ કે પતિ તેનું ભરણ પોષણ કરે છે. પતિ હશે તો મારું ભરણપોષણ કરશે.એ આશાએ એટલે પોતાની જ કામનાઓ માટે પત્ની પતિને ચાહે છે, નહીં કે પોતાનો પતિ છે એટલા જ માટે. પતિ પત્નીને ચાહે છે, તે પત્ની તેની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. એટલા માટે ચાહે છે, નહીં કે તે ફક્ત પત્ની છે.એટલા માટે જ માતા પિતા પુત્રોને ચાહે છે,કારણ કે તેઓને આશા હોય છે કે પુત્રો મોટા થઈને તેઓનું ભરણ પોષણ કરશે, તેઓને પાળશે, નહીં કે તે પુત્ર છે એટલા માટે ચાહે છે. મનુષ્ય મનુષ્ય સાથે પ્રેમ કરતો નથી,સ્વાર્થ સાથે પ્રેમ કરે છે. પ્રહલાદજીએ કહ્યું, પિતાજી,હું અનેક જન્મોના અનુભવથી કહું છું કે,સંસારમાં સાચી શાંતિ ક્યાંય નથી.ઘરમાં ભજન બરાબર થતું નથી.એટલેમારે ઘરમાં નહીં,વનમાં જઈને એકાંતમાં બેસી નારાયણનું આરાધન કરવું છે. આ સાંભળી હિરણ્યકશિપુને ક્રોધ આવ્યો.તેણે શંડામર્કને ઠપકો આપ્યો.તમે મારા બાળકને આવો બોધ આપો છો?આવું શિક્ષણ આપો છો?ખબર દાર,હવે પછી આવું શિખવ્યું છે તો! શંડામર્કે પ્રહલાદને કહ્યું કે,અમે તને આવું શિખવાડ્યું નથી તો તું આવું કેમ બોલ્યો?પ્રહલાદજી કહે છે, ગુરુજી, આ તો ભક્તિનો રંગ છે. કોઈના કહેવાથી આ રંગ લાગતો નથી. પ્રભુ કૃપા થાય તો જ ભક્તિનો રંગ લાગે છે. થોડા સમય પછી ફરી એક દિવસ અધૂરી મૂકેલી પોતાની વાત આગળ ચલાવી કહે, પિતાજી, નવ પ્રકારે વિષ્ણુ ભગવાનની ભક્તિ થાય છે. ભગવાનના ગુણ-લીલા-નામ આદિનું શ્રવણ, તેનું કીર્તન, સ્મરણ, એના ચરણોની સેવા, પૂજા-અર્ચા, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. સમર્પણ ભાવથી આ નવ પ્રકારની ભક્તિ જો કરવામાં આવે તો પ્રભુ પ્રસન્ન થાય છે.પ્રભુ પ્રસન્ન થાય તો જીવન સફળ થાય છે. બાકી ભોગ ભોગવવાથી શાંતિ મળતી નથી. આ સાંભળી હિરણ્યકશિપુને ક્રોધ આવ્યો. તેણે પ્રહલાદને ગોદમાંથી ફેંકી દીધો. સેવકોને હુકમ કર્યો, તમે આ બાળકને મારી નાખો! તે મારા શત્રુનું ભજન કરે છે.દૈત્યો પ્રહલાદને દોડ્યા.પ્રહલાદની દૃષ્ટિ દિવ્ય હતી.પ્રહલાદને તલવારમાં શ્રી કૃષ્ણ દેખાયા. તલવાર જેના હાથ માં છે તેમાં પણ શ્રીકૃષ્ણ દેખાય, વસ્તુ માત્રમાં શ્રીકૃષ્ણને જોવા વાળો બધે શ્રીકૃષ્ણ જ જુએને? સર્વને ભાગવતભાવથી જુઓ. જગતમાં કર્મ કરતાં કરતાં ઈશ્વર નું અનુસંધાન રાખો. બાળકને બદલે બાલકૃષ્ણનું અનુસંધાન રાખો તો કનૈયો મળશે અનેકનૈયા પાછળ લક્ષ્મી પણ આવશે લૌકિક નામરૂપમાં મન ફસાય તે આસક્તિ;પરંતુ તે જ મન શ્રીકૃષ્ણના નામરૂપ માં ફસાય તો તે ભક્તિ છે.સંસારના વિષયોમાં પ્રેમએ આસક્તિ ભગવાન તરફ પ્રેમએ ભક્તિ.સંસારશક્ત બાધક છે તે બંધન કરે છે. ભગવતાશક્તિ બંધનમાંથી મુક્ત કરે છે,ને મુક્તિ અપાવે છે. આંખમાં કામને ન રાખો અને મન માં સ્વાર્થને ન રાખો. સમતા રાખી જગતને જુઓ.આંખ બગડેલી હશે તો બગડેલું દેખાશે. જ્ઞાની મહાપુરુષોને જગતમાં કોઈ ખરાબ દેખાતુંનથી. સંસારમાં પ્રીતિ થાય તો ભક્તિ થતી નથી. સુંદર વસ્તુ જ જોવાનું આંખને મન હોયતો એને કહો કે,ભગવાન શ્રીકૃષ્ણ સિવાય ત્રિભુવનમાં કોઈ વસ્તુ સુંદર નથી. બે જણા બજારમાં ફૂલ લેવા ગયા છે. એક ભગવાનની પૂજા માટે ફૂલ લેવા ગયો છે, બીજો પત્નીના કહેવાથી પત્ની માટે ફૂલની વેણી લેવા ગયો છે. એકની ભક્તિ છે, બીજાની આસક્તિ. એકને પરમાત્માને શણગારવાની ભાવના છે તે તેની ભક્તિ છે. બીજાને લાડીને શણગારવી છે. બીજાને સંસાર વિલાસની આસક્તિ છે. બે ક્રિયા એક છે, છતાં એકમાં આસક્તિ અને બીજામાં ભક્તિ છે. દૈત્યો પ્રહલાદને મારે છે, છતાં તેનો વાળ વાંકો થતો નથી. પ્રહલાદની ભક્તિ દિવ્ય છે. પ્રહલાદ નિર્ભય છે.પ્રહલાદને મારવા અનેક ઉપાયો કર્યા, પણ પ્રહલાદ મરતા નથી.હિરણ્યક શિપુ ને થયું,આ કોઈ જાદુ શીખી આવ્યો લાગે છે. હુકમ કર્યો, તેને અંધારામાં પૂરી રાખો. અન્નજળ વગર તે મરી જશે. પ્રહલાદજીને અંધારા ઓરડામાં પૂરી દેવામાં આવે છે પણ તેને બીક નથી. તે શાંતિથી શ્રીકૃષ્ણ કીર્તન કરે છે. સુખમાં ભાગવત કૃપાનો અનુભવ કરે એ સાધારણ વૈષ્ણવ,પરંતુ દુ:ખમાં પણ ભાગવત કૃપાનો અનુભવ કરે છે, અને સેવા-સ્મરણ છોડે નહીં એ મહાન વૈષ્ણવ છે. દેવકી-વસુદેવ ઉપર કેટલું દુ:ખ પડયું છતાં તેઓ ધીરજ છોડતા નથી. આપણા ઉપર સહેજ દુ:ખ આવે છે તો આપણે અકળાઈ જઈએ છીએ. અતિશય દુ:ખમાં પ્રહલાદ વિચારે છે કે, મારા ભગવાન મારી સાથે છે. પછી બીક શાની? બીક જેને લાગે તે ઈશ્વરથી દૂર છે. અંધારામાં પ્રહલાદ શ્રીકૃષ્ણકીર્તન કરે છે. એને દેહભાન નથી. ભગવતપ્રેમમાં જેને દેહનું ભાન રહેતું નથી, તેને સંસારના કોઈ વિકાર અસર કરી શકતા નથી. આજે ઠાકોરજી લક્ષ્મીને પૂછેછેકે જગતમાં કોઈ જીવ ભૂખ્યો તો નથી ને?લક્ષ્મીજીએ જવાબ આપ્યો કે,તમારો ભક્ત પ્રહલાદ કેદમાં પડયો છે તે ભૂખ્યો છે. ભગવાને કહ્યું, દેવી,તેમને માટે તરત પ્રસાદ મોકલો. લક્ષ્મી જીએ સેવકોને આજ્ઞાકરી.સેવકોપ્રહલાદ માટે પ્રસાદ લઈને કારાગૃહમાં આવ્યા.પ્રહલાદ કહે,મારા પ્રભુને કેટલી ચિંતા છે! તે હોય જ ને! બધી ચિંતા પ્રહલાદે પ્રભુને સોંપી દીધી, પછી પ્રભુ ચિંતા ન કરે તો જાય ક્યાં? હિરણ્યકશિપુના સેવકોને આશ્ચર્ય થયું,પ્રહલાદ કાંઈક ખાય છે!તેઓ હિરણ્યકશિપુ પાસે ગયા, વાત કહી. હિરણ્યકશિપુ આવ્યો. પ્રહલાદ આરોગતો હતો.પૂછ્યું, આ ક્યાંથી લાવ્યો,સાચું બોલ? પ્રહલાદ કહે,પ્રભુએ ગર્ભવાસમાં મારું પોષણ કર્યું. તે અહીં પણ મારું પોષણ કરે છે! હિરણ્યકશિપુનો ગુસ્સો હાથ ન રહ્યો. વળી પાછો પ્રભુ! અહીં પણ પ્રભુ! તેનો પુત્રપ્રેમ ઓગળી ગયો હતો.

## ઝાલોદ નગરમાં સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે પ્રતિમાનું અનાવરણ રાજ્યકક્ષાના મંત્રી રમેશ કટારા ના હસ્તે કરવામાં આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

ઝાલોદ નગરપાલિકા દ્વારા બસ સ્ટેશન વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલની આઠ ફૂટની નવીન પ્રતિમાનું અનાવરણ આજરોજ તારીખ ૩૧-૧૦-૨૦૨૫ ગુરુવારના રોજ રાજ્યકક્ષાના મંત્રી (કૃષિ અને ખેડૂત કલ્યાણ સરકાર, પશુપાલન, ગૌસંવર્ધન વિભાગ) ના હસ્તે કરવામાં આવેલ હતું. આ પ્રોગ્રામના મુખ્ય મહેમાન દાહોદ જિલ્લાના સાંસદ જશવંતસિંહ ભાભોર અને વિશેષ ઉપસ્થિતિ ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાની રહેલ હતી. આ પ્રસંગે નગરપાલિકાના ચીફ ઓફિસર યોગેશ ગણાત્રાના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ કારોબારી અધ્યક્ષના કુશળ આયોજન હેઠળ થયેલ હતું.



આજના આ પ્રસંગને યાદગાર બનાવવા માટે ઝાલોદ નગરપાલિકા દ્વારા સરદાર પટેલ ચોક ખાતે ફટાકડાની ભવ્ય આતશબાજી કરેલ હતી તેમજ સરદાર પટેલની પ્રતિમા સ્થળને ફૂલ માળા થી સુશોભિત કરેલ હતું. તેમજ આ કાર્યક્રમ અંતર્ગત દેશભક્તિના ગીતો પણ વગાડવામાં આવ્યા હતા. સરદાર પટેલ ભારત દેશના આદર્શ પુરુષ તરીકે ઓળખાય છે તેથી આ પ્રસંગને સુશોભિત કરવા માટે પટેલ સમાજના લોકો તેમજ નગરજનો મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ હતા. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિના દિવસે જ પ્રતિમાનું અનાવરણ કરી નગરને સુંદર ભેંટ નગરપાલિકા દ્વારા આપવામાં આવી હતી. રાજ્ય કક્ષાના મંત્રી રમેશ કટારાને નગરપાલિકા પરિવાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા આપી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આજના પ્રોગ્રામને સુશોભિત કરવા માટે રાજ્યકક્ષાના મંત્રી રમેશ કટારા, સાંસદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય મહેશ ભૂરીયા, દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલ ધરીયા, દાહોદ જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ તેમજ નગરપાલિકા પ્રભારી પંકજ અગ્રવાલ, નગરપાલિકા પ્રમુખ રેખાબેન વસૈયા, ઉપપ્રમુખ ભાવનાબેન ડામોર, કારોબારી પ્રમુખ દિનેશ પંચાલ, ઝાલોદ ભાજપ પ્રમુખ, નગરપાલિકા કાઉન્સિલરો, તાલુકા પંચાયત પ્રમુખ, ભાજપના કાર્યકર્તાઓ તેમજ નગરજનો મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ હતા.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

## ઝાલોદ પોલીસ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ નાઓની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિતે એકતા દોડનુ સુંદર આયોજન કર્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

તા ૩૧/૧૦/૨૦૨૫ ના કલાક ૦૭/૫૫ થી કલાક ૦૮/૪૫ સુધી પી.આઈ આર.જે.ગામીત ઝાલોદ પો.સ્ટે નાઓના અધ્યક્ષસ્થાને પોલીસ કર્મચારીઓ/હોમગાર્ડ/જીઆર ડી વિગેરે નાઓ સાથે સરદાર વલ્લભભાઈ પટેલ નાઓની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિતે એકતા દિવસના ભાગરૂપે ઝાલોદ પો સ્ટે થી નીકળી સવર્ણમ સર્કલ , બાંસવાડા રોડ ,ગામડી ચોકડી ,તાલુકા પંચાયત રોડ ,એસટી સર્કલ.ભરત ટાવર,વડબજાર ,મસ્જિદ બજાર ,મીઠાચોક,કોળીવાડા, સ્વર્ણિમ સર્કલ થઈ પોલીસ સ્ટેશન સુધી એકતા દોડનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું.




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

## ઝાલોદ નાની સિંચાઈ પેટા વિભાગના નાયબ કાર્યપાલક તરીકે ફરજ બજાવતા કિશોરભાઈનો વય નિવૃત્ત સમારોહ વલ્લભ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

સરકારના નિયમ મુજબ ૩૦-૧૦-૨૦૨૫ ના રોજ ઝાલોદ નાની સિંચાઈ પેટા વિભાગના નાયબ કાર્યપાલક તરીકે ફરજ બજાવતા કિશોરભાઈનો વય નિવૃત્ત સમારોહ વલ્લભ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો હતો. આ પ્રોગ્રામમાં પરિવારજનો સ્નેહી મિત્રો તેમજ મોટા પ્રમાણમાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહેલ હતા. વય નિવૃત્ત વિદાય સન્માન સમારોહમાં ઉપસ્થિત સહુ મહેમાનોએ તેઓને નિવૃતિ પછીના જીવનની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું હતું કે હવે પછીનું જીવન સમાજને સાચી દિશા આપી સામાજિક કાર્યોમાં જોડાઈ આગળ વધો તેવી શુભકામનાઓ પાઠવી હતી. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ પણ તેઓને નિવૃતિ પછીના જીવનને પરિવાર, મિત્રો તેમજ સમાજના ઉત્થાન માટેનુ જીવન જીવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. વય નિવૃત્ત વિદાય સન્માન સમારોહ દરમ્યાન




ઝરમર ઝરમર વરસાદ પડતો હોવા છતાંય મોટા પ્રમાણમાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહેલ હતો. વિદાય સન્માન સમારોહમા ન આવી શકેલ સાંસદ જશવંતસિંહ ભાભોર તેમજ ગુજરાત રાજ્ય કક્ષાના મંત્રી તેમજ ફતેપુરાના ધારાસભ્ય રમેશ કટારા ૩૧-૧૦-૨૦૨૫ ના રોજ કિશોરભાઈના ઘરે આવી નિવૃત્તિ પછીના જીવન માટે શુભેચ્છા આપી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું

# સાવધાન શબ્દબ્રહ્મ સંદેશ, ઉપદેશ, અને આદેશ જેવાં બહુવિધ અર્થને સમાવતી ત્રિવેણી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

પ્રથમ દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ ગૌલોક વાસી રમાબેન તથા બાબુભાઈ કાણિકિયા દંપતી તેમજ તેમના સમગ્ર પરિવારનું આ મંગલમ મનોરથ માટે અભિનંદન કર્યું. કથાનો મુખ્ય વિષય માનસ સાવધાન રહેશે એમ કહ્યું, અને રામચરિત માનસમાં ૧૧ વાર સાવધાન શબ્દ આવ્યો છે. તુલસીના અન્ય દર્શનમાં પણ અનેકવાર સાવધાન શબ્દ પ્રયોજાયો છે, પરંતુ માનસને કેન્દ્રમાં રાખીને આપણે આ નવ દિવસ સાત્વિક તાત્વિક ચર્ચા કરીશું! સાહિત્યકારો મને ઘણી વખત પૂછતા હોય છે, બાપુ આપ નાસ્તિક છો કે આસ્તિક! તો હું આસ્તિક નથી, કે નાસ્તિક નથી,પણ હું વાસ્તવિક છું. માણસ વાસ્તવિક હોવો જોઈએ! મારી નિષ્ઠા ધર્મથી વધારે ધર્મનાં સારમાં છે, ધર્મનો જે રસ છે, એમાં છે. ધર્મના પંથ જુદા જુદા છે, પરંતુ બધા જ ધર્મનો નિચોડ કે સાર સત્ય પ્રેમ અને કરુણા છે! અને મારી માટે સત્ય પ્રેમ અને કરુણા એ જ ધર્મ છે. માનસમાં સાવધાન, કોણ? કોને? અને ક્યાં? સંદર્ભમાં સાવધાન કરે છે, એ વાતનો આપણે આ નવ દિવસ સંવાદ કરીશું, ૨૧મી સદીમાં આ બહુ જરૂરી છે.

**જનમ એક દુઈ કહઉં બખાની,**
**સાવધાન સુનું સુમતિ ભવાની.**
**સાવધાન સુનુ સુમુખિ સુલોચનિ,**
**ભરત કથા ભવ બંધ વિમોચનિ.**

પ્રથમ બે પંક્તિમાં શંકરે પાર્વતીને કહ્યું, હું એક બે જનમની કથા કહું તમે સંભળો, પછી અયોધ્યા કાંડમાં કહે છે ભરતની કથા સંસારના બંધનોથી મુક્ત કરે છે, સાવધાન થઈને સાંભળો. આ ઉપરાંત ભગવાન જ્યારે શબરી સમક્ષ નવધા ભક્તિની વાત કરે છે, ત્યારે પણ સાવધાન શબ્દ પ્રયોજાય છે, આમ માનસમાં જ્યાં જ્યાં સાવધાન શબ્દ આવ્યો છે, એને લઈને આપણે એમ આ નવ દિવસ સંવાદ કરીશું, આ કોઈ ઉપદેશ નથી, મારી તમારી સાથે ખુલ્લી ટોક છે!; છતાં સાવધાન શબ્દમાં સંદેશ છે, ઉપદેશ છે, અને આદેશ પણ છે, તો મારી રીતે સાવધાન શબ્દ સમજાઈ જાય તો, આ શબ્દ બ્રહ્મ ત્રિવેણી તીર્થ છે, અને આ ત્રિવેણી સંગમનો બહુ વ્યાપક અર્થ છે, એમાં નવ દિવસ હું અને તમે સ્નાન કરીએ. બાબુભાઈ કાણિકિયાને યાદ કરતા કહ્યું કે ગમે એટલા માણસો બેઠા હોય, પણ એને હું કહું વાંકે અંબોડે શ્રીનાથજી, તો એ નાચવાં લાગતાં, ધર્મ નૃત્ય છે, ધર્મ પ્રસન્નતા છે, ધર્મ મુસ્કુરાહટ છે, ધર્મ એકબીજા પ્રત્યેની વફાદારી છે, ધર્મ ઈમાનદારીનું નામ છે, અને આ બધી જ વાતો આપણા ધર્મમાં છે, એટલે સાવધાન થઈને સાંભળો, સાવધાન થઈને ગાવ! આપણે ધર્મને એક ફ્રેમમાં મઢી લીધો છે, માટે ધર્મની આવી દશા છે, ધર્મ તો સત્ય પ્રેમ કરુણાને પ્રગટાવતો એક પવિત્રતમ શબ્દ છે, જે મારી આ ૫૫ કે ૫૬ વર્ષની યાત્રાનો નિચોડ છે. તો હું નિમંત્રિત કરું છું સૌને કે, આટલું સાંભળો, ધ્યાન દેજો. ઋષિ મુનિઓને કાનથી જ પરમાત્માનાં દર્શન થયા છે, આંખથી તો વૈજ્ઞાનિકોને દર્શન થયાં છે, તે ગ્રહ અહીં લટકે છે, આ મંગળ છે, આ ચંદ્ર છે, આ ફલાણો ગ્રહ છે, એમ વૈજ્ઞાનિક આંખોથી સત્યને જુએ છે. ઋષિમુનિ અને સાધુ સંત કાનથી સાંભળીને પરમાત્માને પ્રાપ્ત કરે છે, એટલા માટે "સાવધાન સુનું સુમતિ ભવાની" સાવધાન થઈને સાંભળો દિલ સુધી વાત પહોંચે, તો જીવનમાં વિશેષ આનંદ આવશે, અને જીવનને એન્જોય કરી શકશો. બીજાનાં ચહેરા પર મુસ્કુરાહટ પ્રદાન કરવી, એ પણ ધર્મ છે. બીજાના આંખમાં ક્યારેક બીમારી, રુગ્ણતા, અભાવો, કે ગરીબીના આંસુ આવે, અને એ જોઈને તમારી આંખમાં પણ આંસુ આવે, તો એ ધર્મ છે. ધર્મ માત્ર પુસ્તકમાં નથી, ધર્મ માણસના હૃદયમાં હોવો જોઈએ, અલબત્ત પુસ્તકો પણ સારા છે, એમના માધ્યમથી આપણને માર્ગ મળે છે. તો આ બે પંક્તિમાં એક પંક્તિ બાલકાંડની છે અને બીજી અયોધ્યાકાંડની છે. બ્રિટનના મહા કવિ કોલરિજ એનો એક લેખ હું વાંચી રહ્યો હતો. એમણે હજારો કવિતાઓ લખી, એમનુ ઘર પુસ્તકોથી ભર્યું હતું. એકવાર એમના મિત્ર એમને મળવા ગયાં, મરવાની અણી ઉપર હતાં, મિત્રએ કહ્યું કે કવિતા પૂરી તો કર, અધુરી કેમ મૂકે છે? તો એને જવાબ આપ્યો કે જે સહજ ઉતરે છે એ હું લખું છું, પ્રયત્ન કરીને પૂરી કરવા જઈશ તો ગંગામાં ગંદુ નાળુ ભળી જશે, અશુદ્ધ થઈ જશે! તો મારા ભાઈ બહેનો સહજ ઊતરે, એ સાચું શાસ્ત્ર કહે છે, ઉત્તમ સહજાવસ્થા, એટલે સાવધાન પણ સહજ થઈને સાંભળો. આપણા શરીરની વાત કરીએ તો રુધિરાભિસરણ માટે આપણે કોઈ પ્રયાસ નથી કરતાં, હીરા અને ધમની માં એની રીતે લોહી વહેતું રહે છે રાત્રે સુઈ જઈએ છીએ ત્યારે સ્વાભાવિક રીતે જ જે શ્વાસ ચાલુ રહે છે, એની આપણને ખબર નથી હોતી, પાંપણ સ્વાભાવિક રીતે જ ખુલે છે, અને બંધ થાય છે. જીવનનો અર્થ છે સરળતા, સ્વાભાવિકતા! અને જ્યારે આપણે પ્રયત્ન કરીને એમાં દંભ અને પાખંડ જોડી દેતા હોઈએ છીએ. બીજા તો ધોકો ખાઈ લે, પરંતુ આપણને તો ખબર જ હોય છે કે આ આપણું પાખંડ છે આપણો દંભ છે. એટલે જ માનસ સાવધાન ૨૧મી સદીનો જીવન મંત્ર બની શકે છે. આ નવ દિવસ આપણે શેની શેની વાતો કરીશું! એ હું જાણતો નથી, પરંતુ ભરત ચરિત્ર રૂપે પ્રેમ ચરિત્રને સ્પર્શવા માંગુ છું, નવધા ભક્તિની વાતને પણ સ્પર્શ કરીશું. ટૂંકમાં આપણને વિશેષ રીતે સાવધાન કરી શકે એવી વાતોને કેન્દ્રમાં રાખીને આ નવ દિવસ સંવાદ કરીશું. રામચરિતમાનસનાં ગ્રંથનું મહાત્મ્ય કરતા કહ્યું કે, સાત સોપાન છે, બાલ, અયોધ્યા અરણ્ય, સુંદર, લંકા, અને ઉત્તર આ સાત સોપાનોમાં આ સદગ્રંથ ગ્રંથસ્થ થયો છે. બાલકાંડ પ્રથમ સોપાન છે જેનાં મંગલાચરણ ગોસ્વામીજીએ સાત મંત્રોથી કર્યું છે. તુલસીએ સંસ્કૃત ભાષાને આદર આપીને પછી લોક બોલીમાં એટલે કે ગ્રામગીરામાં દેહાતી ભાષામાં ગામડાનો સામાન્યમાં સામાન્ય માણસ પણ ધર્મના સારને સમજી શકે, ધર્મના સૂત્રોને સમજી જીવનમાં ઉતારી શકે, રામને સમજી શકે, સીતાને સમજી શકે, એટલે એમની બોલીમાં કથાની રચના કરી છે. પાંચ સોરઠા લખ્યા છે, એમાં ગણેશ, ભવાની, ભગવાન વિષ્ણુ, ભગવાન શિવ, અને સૂર્ય, એમ પાંચ દેવતાઓનું સ્મરણ કર્યું છે. પંચદેવની પૂજા, જે આપણો ધર્મ કહે છે એનું તુલસીએ આમ સોરઠ રુપે પ્રવાહી પરંપરાનું નિર્વહન કર્યું છે.

ગણેશ વિવેકના દેવતા છે, એટલે ગણેશ પૂજાનો મારો સ્પષ્ટ અભિપ્રાય છે કે, આપણે વિવેક પૂર્વક જીવીએ. સૂર્યને જળ ચઢાવવું એ આપણી પરંપરા છે, પરંતુ મૂળમાં અજવાળામાં રહેવાનો સંકલ્પ એ સૂર્યની ઉપાસના છે. ભવાની શ્રદ્ધાનું રૂપ છે, એટલે આપણી શ્રદ્ધાને અકબંધન રાખવી. મારું તો સ્પષ્ટ મંતવ્ય છે કે ભરોસો જ ભજન છે. શિવ એટલે કલ્યાણ જેટલું આપણાથી થઈ શકે એટલું બીજાનું શુભ વિચારીને જીવવાનો સંકલ્પ એ શિવ પૂજા છે. વિષ્ણુનો અર્થ છે વ્યાપક, એકદમ આકાશ જેવી વિશાળતા, આપણા વિચાર, આપણા દ્રષ્ટિકોણ અને આપણા વ્યવહારો સંકીર્ણ ન રહે, એમ અન્યના વિચાર, વર્તન, અને વ્યવહારને આદર આપી જીવવું એ વિષ્ણુ પૂજા છે. આમ પ્રથમ દિવસે હનુમંત વંદના સુધીની કથાને લઈ જઈ પ્રથમ દિવસની કથાને વિરામ આપ્યો.

# દાઉદ ઈબ્રાહીમે મુંબઈમાં બ્લાસ્ટ નથી કર્યો, તે આતંકવાદી નથી

## તેણીએ કહ્યું કે, તે હવે સંપૂર્ણપણે આધ્યાત્મિકતાના માર્ગ પર છે અને તેનો રાજકારણ કે, ફિલ્મ ઉદ્યોગ સાથે કોઈ સંબંધ નથી



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

૯૦ના દાયકાની બોલીવુડની બોલ્ડ અભિનેત્રીમાંથી બનેલી સાધ્વી મમતા કુલકર્ણી ફરી એકવાર ચર્ચામાં આવી છે. તેણે એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે, જેનાથી દેશભરમાં હોબાળો મચી ગયો છે. ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમનો બચાવ કરતી હોવાનું તેમનું નિવેદન સામે આવ્યું છે. દાઉદને ક્લીન ચિટ આપતાં તેણીએ કહ્યું કે, તે આતંકવાદી નથી. મમતાનું આ નિવેદન હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે.

૧૯૯૩ના મુંબઈ વિસ્ફોટોમાં ૨૫૭ લોકો માર્યા ગયા હતા, અને CBI અને NIAના અહેવાલો અનુસાર, આ હુમલામાં દાઉદ માસ્ટરમાઈન્ડ હતો. તે ISI ની નજીક હોવાનું માનવામાં આવે છે અને તે હાલ પણ ફરાર છે. ભારતીય ન્યાયતંત્ર અને એજન્સીઓએ દાઉદ ઈબ્રાહિમને ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટનો માસ્ટરમાઈન્ડ ગણાવ્યો હતો. તેમ છતાં પણ મમતા કુલકર્ણીએ આ ચોંકાવનારૂ નિવેદન આપ્યું હતું.

મમતા કુલકર્ણીએ એક મીડિયા ઈન્ટરવ્યુમાં આ ચોંકાવનારું નિવેદન આપ્યું હતું. તેણીએ કહ્યું હતું કે, “દાઉદ ઈબ્રાહિમ આતંકવાદી નહોતો, તેણે બોમ્બ વિસ્ફોટ કર્યા નહોતા. તે આતંકવાદી નથી. તેણે ક્યારેય મુંબઈમાં કોઈ વિસ્ફોટ કર્યા નથી.” જોકે, મમતાએ એ પણ સ્પષ્ટતા કરી હતી કે, તે ક્યારેય દાઉદને મળી નથી.

તેણીએ વધુમાં કહ્યું હતું કે, તે હવે સંપૂર્ણપણે આધ્યાત્મિકતાના માર્ગ પર છે અને તેનો રાજકારણ કે, ફિલ્મ ઉદ્યોગ સાથે કોઈ સંબંધ નથી. જોકે, તેણીનું નિવેદન રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બની ગયું છે. આપણે બધા જાણીએ છીએ કે, દાઉદ ઈબ્રાહિમ મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓમાંનો એક છે.

મમતા કુલકર્ણીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે દાઉદ ઈબ્રાહિમને સત્તાવાર રીતે ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટોના માસ્ટરમાઈન્ડ તરીકે માનવામાં આવ્યો છે અને તે ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી યાદીમાં છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે તેના નિવેદન પર આક્રોશ વ્યક્ત કર્યો છે. કેટલાકે તેને “ન્યાયિક પ્રક્રિયાનું અપમાન” ગણાવ્યું છે, જ્યારે કેટલાકે તેને પબ્લિસિટી સ્ટંટ ગણાવ્યો છે.

૧૯૯૦ના દાયકામાં “કરણ અર્જુન,” “કૃષ્ણા,” “બાઝી,” અને “ક્રાંતિવીર” જેવી સુપરહિટ ફિલ્મોથી સ્ટારડમ મેળવનાર મમતા “ઈટ ગર્લ” તરીકે જાણીતી હતી. જોકે, ૧૯૯૦ના દાયકાના અંતમાં તે અચાનક ગાયબ થઈ ગઈ હતી.

### ન્યૂઝ બ્રિફ

## ટેક્સપેયર્સને ઈનકમ ટેક્સ વિભાગે આપી મોટી રાહત




**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

ટેક્સપેયર્સ માટે એક મોટી ખુશખબરી આવી છે. ઈનકમ ટેક્સ વિભાગે ૨૯ ઓક્ટોબરે માહિતી આપી છે કે, ઓડિટ રિપોર્ટ અને આવકવેરા રિટર્ન (ITR) ફાઈલ કરવાની અંતિમ તારીખ વધારીને ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ કરી દેવામાં આવી છે. જે લોકો ઓડિટ કેસોમાં મુશ્કેલી અનુભવી રહ્યા હતા અથવા ડેડલાઈનને લઈને ચિંતિત હતા, તેમના માટે આ એક રાહતની ખબર છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ઈનકમ ટેક્સ વિભાગે જણાવ્યું છે કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સેસ (CBDT)એ ૩૧ ઓક્ટોબરની જૂની તારીખને વધારીને ૧૦ ડિસેમ્બર કરવાની જાહેરાત કરી છે. આવકવેરા વિભાગે પોસ્ટમાં શેર કર્યું કે, અસેસમેન્ટ વર્ષ ૨૦૨૫-૨૬ માટે જેમને સેક્શન ૧૩૯(૧) હેઠળ રિટર્ન ફાઈલ કરવું પડે છે (જેઓની ડ્યુ તારીખ પહેલા ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ હતી), તેમના માટે હવે આ તારીખ વધારીને ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ કરી દેવામાં આવી છે. આ નિર્ણય સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સેસ (CBDT)એ લીધો છે. એટલે કે હવે તમે કોઈ પેનલ્ટી વગર ડિસેમ્બર સુધી તમારી રિટર્ન ફાઈલ કરી શકો છો.

## નજીવી બાબતે બે કિલોમીટર સુધી પીછો કરી ડિલિવરી બોયને કારથી ટક્કર મારી

**। (એજન્સી) બેંગલુરુ, તા.૩૧ ।**

બેંગલુરુમાં એક નજીવી બાબતે રોડ રેજમાં કપલે એક વ્યક્તિની હત્યા કરી નાખી છે. આરોપી મનોજ કુમાર અને તેની પત્ની આરતી શર્માની પોલીસે ધરપકડ કરી લીધી છે. આ ઘટના ૨૫ ઓક્ટોબરની રાત્રે શહેરના પુત્તેનહલ્લી વિસ્તારમાં બની હતી. પીડિત દર્શન પોતાના મિત્ર વરુણ સાથે બાઈક પર જઈ રહ્યો હતો, જ્યારે આરોપી મનોજ કુમાર અને આરતી શર્મા કારમાં સવાર હતા. બાઈક અને કારના વિન્ડશિલ્ડ વચ્ચે થયેલી નજીવી ટક્કર બાદ વિવાદ એટલો વધી ગયો કે કાર ડ્રાઈવરે બાઈક સવારની હત્યા જ કરી નાખી. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, ગુસ્સામાં આવીને આરોપી કપલે બે બાઈક સવારોનો લગભગ બે કિલોમીટર સુધી પીછો કર્યો અને પછી તેને ટક્કર મારી દીધી. ટક્કરથી દર્શન અને વરુણ હવામાં ઉછળીને પટકાયા અને ગંભીર રીતે ઘાયલ થઈ ગયા. વરુણ તો બચી ગયો પરંતુ દર્શનનું ગંભીર ઈજાના કારણે મોત થઈ ગયું. ડીસીપી (દક્ષિણ) લોકેશ જગલાસરએ આ સમગ્ર મામલે કહ્યું કે, પોલીસે હત્યાના કેસમાં પુરાવાનો નાશ કરવાનો આરોપ પણ ઉમેર્યો છે. કપલની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે. પોલીસે કહ્યું કે, મૃતક એક ગિગ વર્કર હતો જ્યારે આરોપી પતિ શારીરિક કલા શિક્ષક તરીકે કામ કરતો હતો. ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૩ (૧), ૧૦૯, ૨૩૮, ૩૨૪ (૫) અને ૩ (૫) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

### ટેસ્ટ સિરીઝ પહેલા ટીમ માટે સારા સમાચાર

# રિષભ પંત પહેલીવાર ક્રિકેટમાં પાછા ફરવા માટે હવે તૈયાર

## તે દક્ષિણ આફ્રિકા A સામે ભારત A માટે બે ટેસ્ટ રમશે

**। (એજન્સી) વારાણસી, તા.૩૧ ।**

ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન પગમાં થયેલી ઈજાને કારણે લગભગ ત્રણ મહિના સુધી બહાર રહ્યા બાદ રિષભ પંત દક્ષિણ આફ્રિકા A સામેની બે મેચની ચાર દિવસીય શ્રેણીમાં ભારત A ટીમનું નેતૃત્વ કરશે. પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટ દક્ષિણ આફ્રિકા સામેની બે મેચની ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ પહેલા પંતની મેચ ફિટનેસ પર નજીકથી નજર રાખશે. દક્ષિણ આફ્રિકા છ સિરીઝ પહેલા સાઈ સુદર્શને પંતની ફિટનેસ વિશે સારા સમાચાર આપ્યા છે. તેણે કહ્યું કે પંત પહેલા કરતાં વધુ મજબૂત અને વધુ ચપળ દેખાય છે. ઈન્ડિયા એ પ્રેક્ટિસ સેશન પછી સુદર્શને કહ્યું, “રિષભ શાનદાર દેખાઈ રહ્યો છે. કદાચ પહેલા કરતાં પણ વધુ ફિટ. તેને ફિટ થવા માટે પ્રેક્ટિસ પર કામ કરવા માટે થોડો સમય મળ્યો, કારણ કે ક્યારેક જ્યારે તમે ઈજાગ્રસ્ત થાઓ છો, ત્યારે તમને તમારી પસંદની વસ્તુઓ પર કામ કરવા માટે ખાસ સમય મળે છે. મને લાગે છે કે તે થોડો ફિટ અને મજબૂત દેખાઈ રહ્યો છે અને હંમેશા જેટલો હિંમતવાન છે.” પંત વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ ચૂકી ગયો હતો. તે BCCIના CoE ખાતે તાલીમ લઈ રહ્યો હતો. હવે તે મેદાન પર થોડો ગુણવત્તાયુક્ત સમય વિતાવવાનો પ્રયાસ કરશે. ૨૮ વર્ષીય પંત દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં વિકેટકીપર-બેટ્સમેન તરીકે ધ્રુવ જુરેલનું સ્થાન લઈ શકે છે. જેણે વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તમિલનાડુના બેટ્સમેન સુદર્શને કહ્યું કે પંત પ્રેક્ટિસ દરમિયાન તેના સામાન્ય સ્વભાવની જેમ ખુશખુશાલ હતો. તેણે કહ્યું કે વિકેટકીપર-બેટ્સમેને તેના સાથી ખેલાડીઓને આગામી મેચોનો મહત્તમ લાભ ઉઠાવવા વિનંતી કરી જેથી તેઓ તેમની લાલ બોલ (ટેસ્ટ ક્રિકેટ) લય પાછી મેળવી શકે અને મેચ ફિટનેસ મેળવી શકે. સુદર્શને કહ્યું, “પંતનો મેસેજ ખૂબ જ સ્પષ્ટ છે.

### રેટિંગ પોઇન્ટમાં બીજા ક્રમની ઓસી. ખેલાડી કરતાં ઘણી આગળ

# વિમેન્સ વન-ડે ક્રમાંકમાં સ્મૃતિ મંધાના મોખરાના ક્રમે યથાવત

## સાઉથ આફ્રિકાની સુકાની લૌરા વોલવાર્ટ પણ ૯૦ અને ૩૧ રનની ઇનિંગ્સ રમીને ટોપ-૩માં પહોંચી ગઇ છે

**। (એજન્સી) દુબઈ, તા.૩૧ ।**

વિમેન્સ ક્રિકેટમાં ભારતની સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાનાએ ન્યૂઝીલેન્ડ સામે શાનદાર ૧૦૯ રન ફટકારીને આઈસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ ક્રમાંકમાં પોતાનું સ્થાન વધુ મજબૂત કરી દીધું હતું અને મોખરાનો ક્રમાંક જાળવી રાખ્યો હતો.તેણે કારકિર્દીનું બેસ્ટ રેટિંગ પણ હાંસલ કર્યું છે. મંધાનાને સપ્ટેમ્બર મહિના માટે આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થનો એવોર્ડ પણ મળ્યો હતો. તે ૮૨૮ રેટિંગ સુધી પહોંચી ગઈ છે અને બીજા ક્રમે રહેલી ઓસ્ટ્રેલિયાની એશ્લે ગાર્ડનર કરતાં તેના ૧૦૦ પોઈન્ટની સરસાઈ ધરાવે છે. ગાર્ડનર ૭૩૧ રેટિંગ સાથે બીજા ક્રમે છે. ઈંગ્લેન્ડ સામે અણનમ સદી ફટકારવાને કારણે તેને છ ક્રમાંકનો ફાયદો થયો છે. ભારતની ઈજાગ્રસ્ત ઓપનર પ્રતિકા રાવલને પણ ફાયદો થયો છે અને તે ટોપ-૩૦માં પ્રવેશ કરવાની સાથે ૨૭મા ક્રમે પહોંચી ગઈ છે.સાઉથ આળિકાની સુકાની લૌરા વોલવાર્ટ પણ ૯૦ અને ૩૧ રનની ઈનિંગ્સ રમીને ટોપ-૩માં પહોંચી ગઈ છે. ઈંગ્લેન્ડની એમી જોન્સ ચાર ક્રમાંકની આગેકૂચ સાથે નવમા ક્રમે તથા એનાબેલ સધરલેન્ડ ૧૬ ક્રમાંકની છલાંગ સાથે ૧૬મા ક્રમે પહોંચી છે. વન-ડે બોલર્સમાં ઈંગ્લેન્ડની સોફી એક્લેસ્ટોન ૭૪૭ રેટિંગ સાથે ટોચના ક્રમે છે. ઓસ્ટ્રેલિયાની એલાના કિંગ કારકિર્દીના બેસ્ટ રેન્કિંગ સાથે બીજા ક્રમે પહોંચી છે. એશ્લે ગાર્ડનર એક ક્રમાંક પાછળ સરકીને ત્રીજા ક્રમે પહોંચી છે. પેસ બોલર મારિઝાના કેપ તથા એનાબેલ સધરલેન્ડ એક-એક ક્રમાંકની આગેકૂચ સાથે અનુક્રમે ચોથા અને સાતમા ક્રમે આવી ગઈ છે. ઓલરાઉન્ડર્સમાં ગાર્ડનરે પ્રથમ સ્થાન વધારે મજબૂત કર્યું છે. બીજા ક્રમે મારિઝાના કેપ છે જેણે ૪૨૨ રેટિંગ સાથે વેસ્ટ ઈન્ડીઝની હેલી મેથ્યૂઝને પાછળ રાખી દીધી છે.




ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં રમાયેલી T20 ક્રિકેટ મેચ દરમિયાન, ઓસ્ટ્રેલિયાના જોશ હેઝલવુડ, મધ્યમાં, ભારતના શુભમન ગિલ (જમણે) ની વિકેટ માટે અસફળ અપીલ કરે છે.

### સરકાર ઉથલાવવાનું કાવતરું હતું

# દિલ્હી રમખાણોના મામલે પોલીસનું સુપ્રીમમાં સોગંદનામું

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટમાં એક મોટું અને વિશિષ્ટ સોગંદનામું રજૂ કરતાં દાવો કર્યો છે કે, ૨૦૨૦ના દિલ્હી રમખાણો શાસન પરિવર્તન ઓપરેશનનો ભાગ હતાં. આ સોગંદનામું સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે. દિલ્હી પોલીસે આ રમખાણોને ફક્ત કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ગણવાને બદલે વધુ ઊંડાણમાં જઈને તેને રાજકીય હેતુઓ સાથેનું ઓપરેશન ગણાવ્યું છે. આ સોગંદનામું રમખાણો પાછળના કાવતરા અને હેતુઓની તપાસને નવી દિશા પ્રદાન કરે છે.



૨૦૨૦ના દિલ્હી રમખાણોના કાવતરા કેસમાં ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, મીરાં હૈદર, ગુલ્ફીશા ફાતિમા અને અન્ય લોકોના જામીનનો વિરોધ કરતા સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં દિલ્હી પોલીસે હિંસાને એક સંકલિત શાસન પરિવર્તન ઓપરેશન નો ભાગ ગણાવ્યો છે.

સોગંદનામામાં દાવો કરવામાં આવ્યો છે કે, રમખાણો અચાનક થયેલા દેખાવોનો ભાગ ન હતા, પરંતુ ભારતની અંદરની શાંતિ અને આંતરરાષ્ટ્રીય સ્થિતિને અસ્થિર કરવાનો ઈરાદાપૂર્વકનું ષડયંત્ર હતું. પોલીસના જણાવ્યા અનુસાર, તપાસકર્તાઓએ આરોપીઓ વિરૂદ્ધ સાંપ્રદાયિક આધાર પર રચવામાં આવેલા ષડયંત્ર સાથે જોડતા સીધા, દસ્તાવેજી અને ટેક્નિકલ પુરાવા એકત્રિત કર્યા છે. પોલીસનો દાવો છે કે નાગરિકતા (સુધારા) કાયદા (CAA) સામેની અસંમતિને હાથો બનાવી ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતા પર હુમલો કરવા માટે આ ષડયંત્ર રચવામાં આવ્યું હતું.

સોગંદનામામાં દાવો કરવામાં આવ્યો છે કે ઝછછના વિરોધની આડમાં ભારતની શાંતિ ખોરવવાનું અને આંતરરાષ્ટ્રીય છબિ ખરાબ કરવાનું ષડયંત્ર હતું. ઝછછને મુસ્લિમ વિરોધી કાયદો તરીકે રજૂ કરી અશાંતિ ફેલાવી હતી. આ ષડયંત્ર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન ઘડવામાં આવ્યું હતું. જેનો હેતુ આંતરરાષ્ટ્રીય સ્તરે અન્ય દેશોનું ધ્યાન ખેંચવા અને દેશને નકારાત્મક રીતે રજૂ કરવાનો હતો.

દિલ્હી પોલીસે ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, મીરાં હૈદર અને ગુલ્ફીશા ફાતિમા સહિતના અરજદારો પર નકામી અરજીઓ અને સંગઠિત અસહકાર દ્વારા ટ્રાયલની કાર્યવાહીમાં જાણી જોઈને વિલંબ કરવાનો આરોપ પણ મૂક્યો છે.

સોગંદનામામાં પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓએ નીચલી કોર્ટને આરોપો ઘડવા અને ટ્રાયલ શરૂ કરતાં અટકાવવા માટે કામગીરીનો સ્પષ્ટપણે દુરુપયોગ કર્યો હતો. કાર્યવાહીમાં વિલંબ તપાસ એજન્સીઓને કારણે નહીં, પરંતુ આરોપીઓને કારણે થયો હતો. તેમને જામીન મળવા જોઈએ નહીં. ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) નો ઉલ્લેખ કરીને, દિલ્હી પોલીસ આગળ જણાવે છે કે આતંકવાદ સંબંધિત ગંભીર ગુનાઓ માટે જામીન નહીં, જેલનો નિયમ છે. આરોપીઓ ગુનાના પ્રારંભિક પુરાવાને ખોટા સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે અને ગુનાની ગંભીરતા ટ્રાયલમાં વિલંબને કારણે મુક્તિને મંજૂરી આપતી નથી. અધિકારીઓએ સાક્ષીઓની અનિયંત્રિત યાદીના દાવાઓને ફગાવી દેતાં સ્પષ્ટતા કરી છે કે ફક્ત ૧૦૦-૧૫૦ સાક્ષીઓની જરૂર છે અને જો આરોપી સહકાર આપે તો ટ્રાયલ ઝડપથી પૂર્ણ થઈ શકે છે.

### ઇડીની તપાસમાં ભ્રષ્ટાચારની પોલ ખુલી

# તમિલનાડુમાં સરકારી નોકરી બદલ રૂ. ૩૫ લાખ સુધીની લાંચનો ખુલાસો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

તમિલનાડુમાં મ્યુનિ. વહિવટી તંત્ર અને પાણી પુરવઠા વિભાગમાં ભરતીમાં મોટું કૌભાંડ થયું હોવાનો દાવો ઈડીએ કર્યો છે. સાથે જ એજન્સીએ આ મામલે તમિલનાડુ પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી પણ ભલામણ કરી હતી. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે મ્યુનિ. અને પાણી પુરવઠા વિભાગમાં ભરતીમાં ગેરરિતી આચરાઈ છે, એક પોસ્ટ બદલ આશરે ૨૫થી ૩૫ લાખ રૂપિયા વસુલવામાં આવ્યા છે. આ કૌભાંડમાં કેટલાક સરકારી કર્મચારીઓ અને રાજકારણીઓ પણ સામેલ હોવાનો દાવો ઈડીએ કર્યો હતો.

ઈડીનો આરોપ છે કે રાજ્ય સરકાર દ્વારા ભરતી પ્રક્રિયા દરમિયાન આશરે ૨૫૦૦ જેટલા ઉમેદવારો પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં પ્રત્યેક ઉમેદવાર પાસેથી આશરે ૨૫થી ૩૫ લાખ રૂપિયાની લાંચ લેવામાં આવી હતી. એજન્સીના સુત્રોએ દાવો કર્યો હતો કે આ મુદ્દે રાજ્યના ડીજીપીને પત્ર લખવામાં આવ્યો છે.

### બફર ઝોનમાં પેટ્રોલિંગ નહીં કરવાનો નિર્ણય યથાવત

# ભારત-ચીન સૈન્ય વચ્ચે બેઠક, લદ્દાખ સરહદે શાંતિ જાળવવા બંને સંમત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

ભારત અને ચીન સરહદે વર્ષોથી જે વિવાદ ચાલી રહ્યો છે તેને શાંત પાડવા માટે અંતે બન્ને દેશો સંમત થયા છે. ભારત અને ચીન સૈન્યના કોર્પ્સ કમાન્ડર્સ વચ્ચે સરહદે મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં લદ્દાખની સરહદી સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જે મુજબ બફર ઝોનમાં પેટ્રોલિંગ નહીં કરવાનો બન્ને દેશોએ નિર્ણય લીધો છે. બુધવારે વિદેશી બાબતોના મંત્રાલયે કહ્યું હતું કે છેલ્લા કેટલાક સમયમાં આ પ્રથમ વખત જનરલ લેવલ મેકેનિઝમની બેઠક યોજવામાં આવી છે. ભારત-ચીન કોર્પ્સ કમાન્ડર સ્તરની બેઠકનો આ ૨૩મો રાઉન્ડ છે. ઓક્ટોબર ૨૦૨૪માં પણ આ જ પ્રકારની બેઠક યોજાઈ હતી જેમાં કેટલીક સંમતિ થઈ હતી અને તે બાદ સરહદની સ્થિતિમાં ઘણા સુધારા થયા છે તેમ મંત્રાલયે કહ્યું હતું. ચીનના નેશનલ ડિફેન્સ મંત્રાલયે પણ કહ્યું હતું કે ભારત-ચીન સરહદના વેસ્ટર્ન સેક્ટરમાં શાંતિ સ્થાપિત કરવા માટે બન્ને દેશો વચ્ચે મજબુત ચર્ચા થઈ હતી.

# ઓસ્ટ્રેલિયામાં ઘાયલ થયેલા ક્રિકેટરનું હોસ્પિટલમાં મોત

**। (એજન્સી) લંડન, તા.૩૧ ।**

મેલબોર્ડનમાં અભ્યાસ દરમિયાન બોલ વાગવાથી એક ઉભરતા યુવા ઓસ્ટ્રેલિયન ક્રિકેટરનું મોત થયું, જેનાથી સ્થાનીક ખેલ જગત સ્તબ્ધ છે. ૧૭ વર્ષીય બેન ઓસ્ટિન કથિત રીતે મંગળવારે બપોરે ફર્ટની ગલી સ્થિત વેલી ટ્યુ રિઝર્વમાં ટ્રેનિંગ કરી રહ્યો હતો, આ દરમિયાન એક દુર્ઘટના ઘટી હતી. રિપોર્ટ પ્રમાણે કિશોર હેલ્મેટ પહેરી નેટ્સમાં બોલિંગ મશીનની સાથે બેટિંગ પ્રેક્ટિસ કરી રહ્યો હતો, ત્યારે તેના માથા અને ગરદનમાં બોલ વાગ્યો હતો. બેન ઓસ્ટિનને ગંભીર હાલતમાં મોનાશ મેડિકલ સેન્ટર લઈ જવામાં



આવ્યો હતો. ડોક્ટરોના તમામ પ્રયાસો છતાં બુધવારે તેનું મોત થયું. ફર્નટ્રી ગલી ક્રિકેટ ક્લબે ગુરૂવારે સવારે એક નિવેદન જાહેર કરી યુવા ક્રિકેટરના મોતની પુષ્ટિ કરી છે. ક્લબે સોશિયલ મીડિયા પર લખ્યું- બેનના નિધનથી અમે સ્તબ્ધ છીએ અને તેના નિધનની અસર અમારા ક્રિકેટ સમુદાયના બધા લોકો પર પડશે. અમારી સંવેદનાઓ અને પ્રાર્થનાઓ તેના પરિવારની સાથે છે. બેનને તેની ક્લબે એક સ્ટાર ક્રિકેટર, શાનદાર લીડર અને લડાયક યુવા ગણાવ્યો હતો. તેણે મુલગ્રેવ અને એલ્ડન પાર્ક ક્રિકેટ ક્લબનું પણ પ્રતિનિધિત્વ કર્યું અને વેવલી પાર્ક હોક્સ માટે જૂનિયર ફુટબોલ રમ્યો હતો. ફર્નટ્રી ગલી અને ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ આર્ની વાલ્ટર્સે ઓસ્ટિનને પ્રતિભાશાળી અને લોકપ્રિય ગણાવ્યો. વિક્ટોરિયન શિક્ષણમંત્રી બેન કેરોલે કહ્યુ કે અમે તેમના પરિવારને આ ત્રાસદીમાંથી બહાર આવવામાં મદદ કરીશું. ઓસ્ટિનના મોતની તુલના ૨૦૧૪ની ત્રાસદી સાથે કરવામાં આવી રહી છે, જેમાં ઓસ્ટ્રેલિયન ટેસ્ટ બેટર ફિલિપ હ્યુઝનું મોત તયું હતું, જેને શેફીલ્ડ શીલ્ડ ટૂર્નામેન્ટ દરમિયાન ગરદનમાં બોલ વાગ્યો હતો. હ્યુઝના મોત બાદ ક્રિકેટમાં કક્શન જેવી નવી વસ્તુ સામે આવી છે. બેનને તેની ક્લબે એક સ્ટાર ક્રિકેટર, શાનદાર લીડર અને લડાયક યુવા ગણાવ્યો હતો. તેણે મુલગ્રેવ અને એલ્ડન પાર્ક ક્રિકેટ ક્લબનું પણ પ્રતિનિધિત્વ કર્યું અને વેવલી પાર્ક હોક્સ માટે જૂનિયર ફુટબોલ રમ્યો હતો. ફર્નટ્રી ગલી અને ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ આર્ની વાલ્ટર્સે ઓસ્ટિનને પ્રતિભાશાળી અને લોકપ્રિય ગણાવ્યો.

ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના
## ગૌરવની ઉજવણી

# ભારત પર્વ ૨૦૨૫

### ભારતભરની વિવિધ વાનગીઓ, કલા તથા વિવિધ સંસ્કૃતિઓ માણો એક જ સ્થળે!

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યૂ ઑફ યુનિટી, રાષ્ટ્રીય ઉત્સવનું કેન્દ્ર બનશે, કારણ કે અહીં એકતાનગર ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત 'ભારત પર્વ ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ થીમ પૅવેલિયન, પ્રાદેશિક વાનગીઓ, પરંપરાગત હસ્તકલા અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એકસાથે લાવશે, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતામાં તેની અડગ એકતાને પ્રતિબિંબિત કરશે.



## ભારત પર્વ ૨૦૨૫
### ૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**
ડેમ વ્યૂ પૉઇન્ટ-૧, વૅલી ઑફ ફ્લાવર સામે

**થીમ પૅવેલિયન**
**ફૂડ સ્ટૉલ્સ**
**ક્રાફ્ટ સ્ટૉલ્સ**
જંગલ સફારી પાસે

અન્ય આકર્ષણો
લેસર, લાઇટ અને સાઉન્ડ શો • જંગલ સફારી અને ડાયનો ટ્રેઇલ • સરદાર સરોવર ડેમ અને બોટિંગ • કેક્ટસ ગાર્ડન
બટરફ્લાય ગાર્ડન • આરોગ્ય વન • ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક • વિશ્વ વન

**સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર**

**'ભારત પર્વ' એ માનનીય વડાપ્રધાનશ્રીની દૂરંદેશી હેઠળ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની રાષ્ટ્રીય શક્તિનો જીવંત સંદેશ છે.**

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત